RNI No.: GUJGUJ/2014/59295

www.janfariyadnews.com

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

*Volume : 9 * Issue No. 77* Date: 05.01.2023, Thursday *Page :04 *Rs. 1.00/- *Annual Rs. 351/-


## મોદી સરકારે સતલુજ નદી પર ૨૬૦૦ કરોડના મિશનને મંજૂરી આપી

# ભારત ગ્રીન હાઇડ્રોજનનું વૈશ્વિક હબ બનશે




નવીદિલ્હી,તા.૪

વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં આજે બુધવાર ૪ જાન્યુઆરીના રોજ મળેલી કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને કેન્દ્રીય કેબિનેટ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. આ સાથે તેમણે માહિતી આપી હતી કે ભારત ગ્રીન હાઇડ્રોજનનું વૈશ્વિક હબ બનશે. દર વર્ષે ૫૦ લાખ ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન થશે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે આજે માહિતી આપતાં જણાવ્યું હતું કે વડાપ્રધાન મોદીના નેતૃત્વમાં કેબિનેટની બેઠકમાં મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. આજે કેન્દ્રીય કેબિનેટે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશનને મંજૂરી આપી છે. ભારત ગ્રીન હાઇડ્રોજનનું વૈશ્વિક હબ બનશે. વાર્ષિક ૫૦ લાખ ટન ગ્રીન હાઇડ્રોજનનું ઉત્પાદન થશે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે જણાવ્યું કે ૬૦-૧૦૦ ગીગાવોટની ક્ષમતાનું ઈલેક્ટ્રોલાઈઝર તૈયાર કરવામાં આવશે. ઈલેક્ટ્રોલાઈઝરના ઉત્પાદન અને ગ્રીન હાઈડ્રોજનના ઉત્પાદન પર ૧૭,૪૯૦ કરોડની પ્રોત્સાહક રકમ આપવામાં આવશે. ગ્રીન હાઈડ્રોજનનું હબ વિકસાવવા માટે ૪૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે કહ્યું કે નેશનલ ગ્રીન હાઈડ્રોજન મિશન માટે આજે ૧૯,૭૪૪ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. આ મિશનથી ૮ લાખ કરોડ રૂપિયાનું સીધું રોકાણ થશે અને તેના દ્વારા ૬ લાખ નોકરીઓ આપવામાં આવશે. આ સિવાય તેમણે કહ્યું કે હિમાચલ પ્રદેશ માટે ૩૮૨ મેગાવોટ સુન્ની ડેમ હાઇડ્રોઇલેક્ટ્રિક પાવર પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. ૨,૬૧૪ કરોડનો ખર્ચ થશે. અને આ યોજના સતલજ નદી પર બનાવવામાં આવશે.ગ્રીન હાઇડ્રોજન એ એક પ્રકારની સ્વચ્છ ઉર્જા છે, જે સૌર ઉર્જા જેવી નવીનીકરણીય ઉર્જાનો ઉપયોગ કરીને પાણીને હાઈડ્રોજન અને ઓક્સિજનમાં વિભાજીત કરીને ઉત્પન્ન કરવામાં આવે છે. જ્યારે વીજળી પાણીમાંથી પસાર થાય છે, ત્યારે હાઈડ્રોજન ઉત્પન્ન થાય છે. આ હાઇડ્રોજનથી ઘણી વસ્તુઓ ચલાવવા માટે આ ઊર્જા મહત્વનું કામ કરી શકે છે. હાઈડ્રોજન બનાવવા માટે વપરાતી વીજળી નવીનીકરણીય ઉર્જા સ્ત્રોતોમાંથી કરવામાં આવે છે. અને તેનાથી પ્રદૂષણ નથી થતું. અને તેથી જ તેને ગ્રીન હાઈડ્રોજન કહેવામાં આવે છે. પર્યાવરણવાદીઓ દાવો કરે છે કે તે તેલ શુદ્ધિકરણ, ખાતર, સ્ટીલ અને સિમેન્ટ જેવા ભારે ઉદ્યોગોને ડીકાર્બોનાઇઝ કરવામાં મદદ કરી શકે છે. તેથી તે વૈશ્વિક કાર્બન ઉત્સર્જન ઘટાડવામાં પણ મદદરૂપ સાબિત થશે.અનુરાગ ઠાકુરે વધુમાં જણાવ્યું હતું કે કેન્દ્રીય મંત્રીમંડળે સ્વ.શ્રી મનોહર પરિકર,ભૂતપૂર્વ સંરક્ષણ પ્રધાન અને ચાર વખત ગોવાના મુખ્યમંત્રીને શ્રધ્ધાંજલિ રૂપે ગ્રીનફિલ્ડ ઈન્ટરનેશનલ એરપોર્ટ મોપા,ગોવાને મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ - મોપા હોવા નામ આપવા માટે તત્કાલીન અનુમોદન આપ્યું છે. ગોવા રાજયના લોકોની પ્રિય આકાંક્ષાઓને પરિપૂર્ણ કરવા માટે મનોહર ઈન્ટરનેશનલ એરપોર્ટ મોપા ગોવા રાખવાના ગોવા રાજય સરહકારના કેબિનેટના સર્વાનુમને નિર્ણયની જાણ કરી.આ ઉપરાંત એસજેવીએન લિમિટેડ દ્વારા હિમાચલ પ્રદેશમાં ૩૮૨ મેગાવોટના સુન્ની ડેમ હાઇડ્રો ઇલેક્ટ્રિક પ્રોજેક્ટ માટેના રોકાણને મંજુરી આપી છે જેની અંદાજિત કિંમત રૂ.૨૬૧૪.૫૧ કરોડ સહિત રૂ.૧૩.૮૦ કરોડ ઈન્ફ્રાસ્ટ્રકચર સક્ષમ કરવાના ખર્ચ માટે ૨૪૬ કરોડને મંજુરી આપી છે.

# હવે ઔરંગઝેબ મુદ્દે ઘમસાણ : મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ એનસીપીના નેતાને ઝાટક્યા

મુંબઇ,તા.૪

મહાપુરુષોના અપમાન બાબતે સત્તાધારી અને વિરોધ પક્ષો વચ્ચે છેલ્લા કેટલાક સમયથી નિવેદનબાજી ચાલી રહી છે ત્યારે હવે આમાં મોગલ સમ્રાટ ઔરંગઝેબના મુદ્દે રાજકારણ ગરમાઈ ગયું છે.

એનસીપીના થાણેના નેતા જિતેન્દ્ર આવ્હાડે સોમવારે કહ્યું હતું કે ઔરંગઝેબ ક્રૂર હોત તો તેમણે છત્રપતિ સંભાજી મહારાજની હત્યાની સાથે અહીંનાં મંદિરો પણ તોડી નાખ્યાં હોત.

એનસીપીના નેતાના આ નિવેદનનો મુખ્ય પ્રધાન એકનાથ શિંદે સહિત અનેક લોકોએ વિરોધ કર્યો છે. એકનાથ શિંદેએ કહ્યું હતું કે આ લોકોને શા માટે ઔરંગઝેબ માટે આટલો પ્રેમ ઊભરાઈ આવે છે એ બધા જાણે છે. જોકે પોતે કાચું કાપ્યું હોવાની જાણ થતાં જિતેન્દ્ર આવ્હાડે તરત જ ફેરવી તોળ્યું હતું અને ઔરંગઝેબે તેના ભાઈઓની હત્યા કરીને સત્તા મેળવી હતી અને તેના એકેય દુશ્મનને બક્ષ્યા નહોતા એટલો ક્રૂર હોવાનું કહ્યું હતું.

એનસીપીના થાણેના નેતા જિતેન્દ્ર આવ્હાડે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું હતું કે 'છત્રપતિ સંભાજી મહારાજને અમે પહેલેથી સ્વરાજ્ય રક્ષક માનીએ છીએ. તેઓ સંગમેશ્વરમાં સરદેસાઈના વાડામાં હતા એની માહિતી ઔરંગઝેબને કોણે આપી? આ જ સાચો ઈતિહાસ છે. છત્રપતિ સંભાજી મહારાજને બહાદુરગઢ પર લાવવામાં આવ્યા હતા. અહીં તેમની આંખ કાઢી નાખવામાં આવી હતી. અહીં બાજુમાં વિષ્ણુ મંદિર છે. ઔરંગઝેબ ક્રૂર અને હિન્દુદ્વેષી હોત તો તેણે વિષ્ણુ મંદિર પણ તોડી નાખ્યું હતું. બહાદુરગઢ પરથી છત્રપતિ સંભાજી મહારાજને



તુળજાપુર લઈ જવાયા હતા. બાદમાં શું થયું હતું એ ઈતિહાસમાં નોંધાયેલું છે. આથી હું કહું છું કે નકામા એ ઈતિહાસમાં પડો નહીં, ઈતિહાસ વિવાદ જગાવે છે.' જિતેન્દ્ર આવ્હાડને મુખ્ય પ્રધાન એકનાથ શિંદેએ ગઈ કાલે જવાબ આપતાં કહ્યું હતું કે 'ઈતિહાસ ભૂંસવાનો, બદલવાનો અહીં જે પ્રયાસ કરવામાં આવી રહ્યો છે એનો જેટલો નિષેધ કરીએ એટલો ઓછો છે. ઔરંગઝેબ બાબતે કોનો પ્રેમ ઊભરાઈ રહ્યો છે? જે ઔરંગઝેબે છત્રપતિ શિવાજી મહારાજને પરેશાન કર્યા, મહારાષ્ટ્રનાં અનેક મંદિરો તોડ્યાં, માતા-બહેનો પર અત્યાચાર કર્યો એના પર કોને પ્રેમ ઊભરાઈ આવે છે એ બધા જાણે છે.'

અજિત પવારે વિધાનસભામાં છત્રપતિ સંભાજી મહારાજ વિશે કરેલા નિવેદન બાદ બીજેપી અને શિંદે જૂથ સહિતના નેતાઓ અજિત પવારનો વિરોધ કરી રહ્યા છે ત્યારે ગઈ કાલે એનસીપીના ચીફ શરદ પવારે પહેલી વખત કહ્યું હતું કે 'છત્રપતિ સંભાજી મહારાજને ધર્મવીર પણ કહી શકાય છે. તેમણે થાણેના કેટલાક નેતાનાં નામ ધર્મરક્ષક દેખાઈ આવે છે. ધર્મવીર અને ધર્મરક્ષક એટલે શું? જેમને ધર્મવીર કહેવું હોય ધર્મવીર કહો, જેમને સ્વરાજ્ય રક્ષક કહેવા હોય તે સ્વરાજ્ય રક્ષક કહો. તેમણે રાજ્યના રક્ષણનું કામ કર્યું હતું. જોકે આ વિશે વિવાદ કરવાની જરૂર નથી. મહાપુરુષો વિશે વિના કારણ વિવાદ ન થવો જોઈએ.'

છત્રપતિ સંભાજી મહારાજ ધર્મવીર નહોતા, ઔરંગઝેબ ક્રૂર અને હિન્દુદ્વેષી નહોતો. દાઉદ સાથે વ્યવહાર કરનારા નવાબ મલિકના પક્ષના નેતાનાં આ નિવેદનો મહારાષ્ટ્રે હળવાશથી લેવા જેવાં નથી. આ એક ઔરંગઝેબી ચાલ તો નથી ? એવો સવાલ કરતી ટ્વીટ ગઈ કાલે બીજેપીના મુંબઈ અધ્યક્ષ આશિષ શેલારે કરી હતી. ઉદ્ધવ ઠાકરે જૂથના મુખપત્ર 'સામના'માં ગઈ કાલે લખ્યું હતું કે 'સંભાજી મહારાજના પિતાનું અપમાન કરનારા અણ્ણાજી પંત આજે રાજભવનમાં બેઠા છે. તેમને સહયોગ કરનારા અણ્ણાજી પંતના સમર્થક અજિત પવારને સલાહ આપી રહ્યા છે.'

આ લેખના જવાબમાં આશિષ શેલારે જવાબ આપ્યો હતો.

તેમણે બીજી એક ટ્વીટમાં લખ્યું હતું કે 'એનસીપી અને કૉન્ગ્રેસના નેતાઓનાં આવાં નિવેદનો બાબતે ચુપકીદી સેવી રહેલી ઉદ્ધવ ઠાકરેની શિવસેના ખતમ થઈ જશે. જનતા એક દિવસ આ મહાવિકાસ આઘાડીને બરાબરનો પાઠ ભણાવશે.'

## આરએસએસએ ક્યારેય ભારત જોડો યાત્રાની નિંદા કરી નથી. રાહુલને 'દેશ માટે ચાલતો યુવાન' : ચંપત રાય

નવીદિલ્હી,તા.૪

રામ જન્મભૂમિના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે રાહુલ ગાંધીની 'ભારત જોડો યાત્રા'ને સમર્થન આપ્યા બાદ હવે રામ મંદિર ટ્રસ્ટના સચિવ ચંપત રાયે કહ્યું છે કે રાહુલ ગાંધીની યાત્રાના વખાણ કરવા જોઈએ. તેમણે એમ પણ કહ્યું કે આરએસએસએ ક્યારેય ભારત જોડો યાત્રાની નિંદા કરી નથી. રાહુલને ×દેશ માટે ચાલતો યુવાન× ગણાવતા તેણે કહ્યું, ×હું તેના પગલાની પ્રશંસા કરું છું. તેમાં કંઈ ખોટું નથી. હું આરએસએસનો કાર્યકર છું અને આરએસએસે ક્યારેય ભારત જોડો યાત્રાની નિંદા કરી નથી.'

તેણે કહ્યું, 'તે આ ખરાબ હવામાનમાં ચાલી રહ્યો છે અને તેની પ્રશંસા થવી જોઈએ. મારે કહેવું જોઈએ કે દરેક વ્યક્તિએ દેશની મુલાકાત લેવી જોઈએ.' રાહુલની યાત્રા ઉત્તર પ્રદેશમાં પ્રવેશી તેના એક દિવસ પહેલા રામ મંદિરના મુખ્ય પૂજારી આચાર્ય સત્યેન્દ્ર દાસે રાહુલ ગાંધીને તેમની યાત્રામાં સફળતા, સારા સ્વાસ્થ્ય અને લાંબા આયુષ્યની શુભેચ્છા પાઠવી હતી. મુખ્ય પૂજારીએ પત્રમાં લખ્યું છે, 'તમે લોકોના કલ્યાણ માટે અને લોકોની ખુશી માટે કામ કરી રહ્યા છો, સર્વજન હિતાય સર્વજન સુખાય. હું ઈચ્છું છું કે ભગવાન રામના આશીર્વાદ હંમેશા તમારી સાથે રહે.'રિસર્ચ એન્ડ એનાલિસિસ વિંગના ભૂતપૂર્વ વડા એએસ દુલત, શિવસેના સાંસદ પ્રિયંકા ચતુર્વેદીએ મંગળવારે ભારત જોડો યાત્રામાં ભાગ લીધો હતો. જેમાં પ્રિયંકા ગાંધીએ પણ ભાગ લીધો હતો. જોકે માયાવતી અને અખિલેશ યાદવ આ યાત્રામાં ભાગ લેશે નહીં.આ યાત્રા ઉત્તર પ્રદેશમાં ત્રણ દિવસ સુધી રહેશે. આ પછી, તે ૬ જાન્યુઆરીએ ફરીથી હરિયાણામાં પ્રવેશ કરશે. આ યાત્રા ૨૦ જાન્યુઆરીએ જમ્મુ-કાશ્મીરના કઠુઆ જિલ્લામાં પહોંચશે અને ૩૦ જાન્યુઆરીએ શ્રીનગરમાં સમાપ્ત થશે.

## નાણામંત્રી નિર્મલા સીતારામણ તા. ૧લી ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ કરશે

નવીદિલ્હી,તા.૪

જેની કાગડોળે રાહ જોવાઈ રહી છે તે આગામી કેન્દ્રીય બજેટ, નાણામંત્રી નિર્મલા સીતારામણ તા. ૧લી ફેબ્રુઆરીએ સંસદમાં રજૂ કરશે. પ્રાપ્ય માહિતી અનુસાર સત્ર ૩૧ જાન્યુઆરીથી શરૂ થશે અને ૬ઠ્ઠી એપ્રિલ સુધી તેનો પૂર્વાર્ધ રહેશે. સત્રનો પ્રારંભ સંસદના સેન્ટ્રલ હોલમાં લોકસભા અને રાજયસભાની સંયુક્ત બેઠકને રાષ્ટ્રપતિ સુ.શ્રી દ્રૌપદી મુર્મુનાં સંબોધન સાથે શરૂ થશે. ગત જુલાઈમાં રાષ્ટ્રનાં સર્વોચ્ચ પદ આવેલા સુ શ્રી મુર્મુનું સંસદમાં કરાયેલું આ પહેલું સંબોધન હશે.

સુત્રો વધુમાં જણાવે છે કે, બજેટ સત્રના પહેલા દિવસે બંને ગૃહમાં આર્થિક સર્વેક્ષણ રજૂ કરાશે અને સત્રનો પહેલો ભાગ ૧૦ ફેબ્રુ. સુધી ચાલશે. તે પછી બીજો ભાગ ૬ઠ્ઠી માર્ચે શરૂ થશે અને ૬ઠ્ઠી એપ્રિલે સંપન્ન થશે.બજેટ સત્રના પહેલા ભાગ દરમિયાન બંને ગૃહોમાં રાષ્ટ્રપતિનાં સંબોધન પરના પ્રસ્તાવ ઉપર વિષદ ચર્ચા થશે. તે પછી કેન્દ્રીય બજેટ ઉપર ચર્ચા હાથ ધરાશે. સત્રનો બીજો ભાગ નવાં સંસદ ભવનમાં યોજાવાની સંભાવના છે.આ સત્ર દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી ધન્યવાદ પ્રસ્તાવ પરની ચર્ચાનો જવાબ આપશે. બીજા ભાગ દરમિયાન સરકારના એજન્ડા ઉપરાંત વિભિન્ન મંત્રાલયોનાં અનુદાનની માગણી ઉપર પણ ચર્ચા થશે. કેન્દ્રીય અંદાજપત્ર તથા નાણાં વિધેયક આ સત્ર દરમિયાન પસાર થવાની પૂરી શકયતા છે.સૌથી વધુ ઉલ્લેખનીય તે છે કે જો કેન્દ્રિય અંદાજપત્ર સંસદનાં બંને ગૃહો પૈકી એક ગૃહમાં પસાર થતું અટકે તો સરકારે બંને ગૃહોની સંયુક્ત બેઠક યોજીને તે પસાર કરાવવા પ્રસ્તાવ કરવો પડે. વિપક્ષોની માગણી પ્રમાણે વત્તા ઓછા સુધારા કરવા પડે તેમ છતાં જો બજેટ પસાર ન જ થાય, તો સરકારે ત્યાગ પત્ર જ આપવું પડે. અન્ય વિકલ્પ નથી. ઉલ્લેખનીય તે છે કે આ નિયમ સરકારે રજૂ કરેલા અન્ય પ્રસ્તાવોને લાગુ પડતો નથી. સરકારના અન્ય પ્રસ્તાવો પૈકી કોઈ પણ પ્રસ્તાવ બેમાંથી એક ગૃહમાં અટકી જાય તો, સરકારે માત્ર તે પ્રસ્તાવ પડતો મુકવો પડે તેટલું જ.

## અબ્દુલ્લા આઝમ સામેના કેસને યુપી બહાર ટ્રાન્સફર કરવાની તેમની માંગને સુપ્રીમે ફગાવી

નવીદિલ્હી,તા.૪

સુપ્રીમ કોર્ટે નકલી જન્મ પ્રમાણપત્ર કેસમાં આઝમ ખાનના પુત્ર અબ્દુલ્લા આઝમ સામેના કેસને ઉત્તર પ્રદેશ (યુપી) બહાર ટ્રાન્સફર કરવાની તેમની માંગને ફગાવી દીધી હતી.તમને જણાવી દઈએ કે આ અરજીમાં આઝમ ખાને કહ્યું હતું કે તેમને યુપીમાં ન્યાય નહીં મળે.

આઝમ ખાનની અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કરતા સુપ્રીમ કોર્ટે કહ્યું કે સુપ્રીમ કોર્ટ પાસે આ મામલે દખલ કરવાનું કોઈ કારણ નથી. આવી સ્થિતિમાં તમે હાઈકોર્ટમાં જઈ શકો છો. આ સાથે કોર્ટે તેમની અરજી પર વહેલી તકે સુનાવણી કરવાનો નિર્દેશ આપ્યો હતો. તમને જણાવી દઈએ કે આઝમ ખાન અને તેમના ધારાસભ્ય પુત્ર અબ્દુલ્લા આઝમની અરજી પર સુનાવણી કરવાનો ઈન્કાર કર્યા બાદ હવે બંનેએ યુપી હાઈકોર્ટનો સંપર્ક કરવો પડશે.આઝમ ખાનની કાયદાકીય મુશ્કેલીઓ ઓછી થવાનું નામ નથી લઈ રહી. અગાઉ, નફરતભર્યા ભાષણ આપવાના આરોપમાં સપા નેતા આઝમ ખાન વિરુદ્ધ શહઝાદનગર પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા કેસની સુનાવણી મંગળવારે કોર્ટમાં થઈ હતી. તે કેસના સાક્ષી ઈન્સ્પેક્ટર અનુરાગ ચૌધરીએ તેમનું નિવેદન નોંધ્યું હતું. તેમની જુબાની પૂરી થયા બાદ હવે આ કેસની આગામી સુનાવણી ૦૫ જાન્યુઆરીએ થશે. આ મામલામાં આરોપ છે કે તેમણે બંધારણીય હોદ્દા પર બેઠેલા લોકો અને અધિકારીઓ વિરુદ્ધ વાંધાજનક ટિપ્પણી કરી હતી. આ અંગેની જાણ ફૈઝલખાન લાલાએ શહેર પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.

## ભારતીય મૂળના મલેશિયન નાગરિકને લૂંટ કેસમાં જેલ અને ૧૨ કોરડા મારવાની સજા ફટકારાઈ

મોનિયન,તા.૪

એક ભારતીય મૂળના મલેશિયન વ્યક્તિને ૨૦૧૪ માં ૨૪,૦૦૦ થી વધુની રકમ લૂંટવા અને પછી મલેશિયા ભાગી જવા બદલ સાત વર્ષની જેલ અને ૧૨ કોરડા મારવાની સજા ફટકારવામાં આવી છે. આ વ્યક્તિ ગુનો કર્યા બાદ મલેશિયામાં છુપાઈ ગયો હતો અને આઠ વર્ષ પછી પકડાયો હતો.

મળતી માહિતી અનુસાર મલેશિયાના રહેવાસી શિવરામ મોનિયનને મંગળવારે ગેંગ લૂંટના કેસમાં દોષિત ઠેરવવામાં આવ્યો હતો. આ લૂંટ નવ લોકો દ્વારા કરવામાં આવી હતી, જેમાંથી માત્ર શિવરામ મોનિયનને જ સજા થઈ ન હતી કારણ કે તે આઠ વર્ષથી છુપાઈ રહ્યો હતો. અખબાર અનુસાર, કોર્ટે જણાવ્યું કે પીડિતા (૩૫) તે સમયે ગોલ્ડન વીર નામની કંપનીમાં મેનેજર હતી. તેમના સસરા કંપનીના ડાયરેક્ટર હતા.

મોનિયને ૨૦૧૩માં ટચના મૂર્તિ પેરોમલ નામની વ્યક્તિ પાસેથી ૧૦,૦૦૦ રિંગિટ (જીઈ૩,૦૧૯)ની લોન લીધી હતી. જોકે શરૂઆતમાં તે લોનના હપ્તા ભરતો રહ્યો પરંતુ બાદમાં તે તેમ કરી શક્યો નહીં. એપ્રિલ ૨૦૧૪ માં, પેરોમલ અને શિવરુગુ અર્મુગમ નામના વ્યક્તિએ કુરિયર દ્વારા મોકલવામાં આવતી રોકડ ગોલ્ડન ફર લૂંટવાની યોજના ઘડી હતી. પેરોમલે મોનિયનનો સંપર્ક કર્યો અને તેને લૂંટમાં જોડાવાનું કહ્યું. તેણે વચન આપ્યું હતું કે જો તે આમ કરશે તો તે તેનું સમગ્ર દેવું માફ કરી દેશે. તે સંમત થતાની સાથે જ પેરોમલ અને તેના બી. બાલકૃષ્ણન નામના અન્ય સાથીઓએ લૂંટના પ્લાનમાં વધુ લોકોને સામેલ કર્યા. સપ્ટેમ્બર ૨૦૧૪ માં લગભગ બે અઠવાડિયામાં, બાલક્રિષ્નન, સેકરન, પેરોમલ અને મારી સિંગાપોર રમનને મળવા અને લૂંટની યોજનાને અંતિમ સ્વરૂપ આપવા માટે ગયા.

ડિસ્ટ્રિક્ટ જજ લ્યુક ટેનને જાણવા મળ્યું કે ગુનો ૨૦૧૪માં આચરવામાં આવ્યો હતો પરંતુ મોનિયનની મલેશિયામાં ધરપકડ કરવામાં આવી હતી અને ગયા વર્ષે જુલાઈમાં પ્રત્યાર્પણ કરવામાં આવ્યું હતું. તેણે કહ્યું કે આ દર્શાવે છે કે તેનામાં કોઈ અપરાધની ભાવના નહોતી.

## તંત્રી સ્થાનેથી...

# અંધવિરોધને લપડાક

સુપ્રીમ કોર્ટ દ્વારા નોટબંધીના નિર્ણયને કાયદેસર ઠેરવવો કેન્દ્ર સરકાર માટે એક મોટી જીત સમાન છે. સુપ્રીમ કોર્ટે મૂળ તો નોટબંધી માટે અપનાવવામાં આવેલી પ્રક્રિયા પર વિચાર કરવાનો હતો. તેણે એ જોયું કે નિર્ણય પહેલાં કેન્દ્ર સરકારે રિઝર્વ બેંક સાથે વ્યાપક વિચાર-વિમર્શ કર્યો હતો અને એ કારણે એમ ન કહી શકાય કે સંબંધિત પ્રક્રિયામાં કોઈ ખામી હતી. જોકે એક ન્યાયાધીશે પાંચ સદસ્યોની પીઠના ચાર ન્યાયાધીશોના નિર્ણય સાથે અસહમતિ વ્યક્ત કરી, પરંતુ તેનું કશું વિશેષ મહત્ત્વ નથી. એટલા માટે, કારણ કે એક તો બહુમતનો નિર્ણય જ મહત્ત્વનો છે અને બીજું, નોટબંધી જેવા નિર્ણયો કંઈ કાયદો બનાવીને ન કરી શકાય. સરકારે જૂની નોટો બદલવા પર દિવસનો સમય આપ્યો હતો, તેથી આંગળી ઉઠાવવાનો કોઈ ખાસ આધાર અદાલતને દેખાયો નહીં. ધ્યાન રહે કે ૧૯૭૮માં જ્યારે નોટબંધી કરવામાં આવી હતી ત્યારે માત્ર ૮ દિવસનો સમય આપવામાં આવ્યો હતો! નોટબંધીનો નિર્ણય એક મોટો અને કડક ફેંસલો હતો. આ એક એવો નિર્ણય હતો, જેણે દરેકને પ્રભાવિત કર્યા હતા. સુપ્રીમ કોર્ટે એ યોગ્ય જ કહ્યું કે કોઈ નિર્ણયને માત્ર એટલા માટે ખોટો ન ઠેરવી શકાય, કારણ કે તે સરકારે લીધો છે. વકતા એ છે કે વિપક્ષી દળોએ સરકારના દરેક નિર્ણયનો વિરોધ કરવાને પોતાનો એકસૂત્રીય કાર્યક્રમ બનાવી લીધો છે. તેને એના પરથી સમજી શકાય છે કે નોટબંધીના નિર્ણય વિરુદ્ઘ ૫૦થી વધારે અરજીઓ દાખલ કરવામાં આવી હતી.

જોકે નોટબંધી પર સુપ્રીમના નિર્ણય છતાં સરકારના દરેક પગલાનો અંધવિરોધ કરનારા અને સુપ્રીમ કોર્ટમાં દોડી જનારા કંઈ હતોત્સાહિત થાય તેમ લાગતું નથી, પરંતુ એની અવગણના ન કરી શકાય કે સુપ્રીમ કોર્ટના આ નિર્ણયનું એક સીમિત અને તે પણ અકાદમિક મહત્ત્વ જ છે. આખરે જે નિર્ણય છ વર્ષ પહેલાં લેવાઈ ગયો અને જેનાં સારાં-ખરાબ પરિણામો પણ આવી ગયાં છે, તેના પર સુપ્રીમ કોર્ટની બંધારણીય પીઠ દ્વારા વિચાર કરવો કેટલું સાર્થક કહી શકાય? નોટબંધી પર સુપ્રીમ કોર્ટના નિર્ણય બાદ વિપક્ષ હવે સ્વાભાવિક રીતે નિઃશસ્ત્ર થઈ ગયો છે. તેમ છતાં તે નોટબંધીની અસરની પોતાને મનમાફક વ્યાખ્યા કરતો જ રહેશે. તેની સાથે જ એ ચર્ચા પણ ચાલતી રહેશે કે નોટબંધીના જે ઉદ્દેશ્ય હતા,તે કેટલા પૂરા થયા, કેટલા નહીં? આ પ્રશ્ન પર સરકારે પણ ચિંતન-મનન કરવું પડશે, કારણ કે જે ઉદ્દેશ્યોને લઈને પાંચસો અને એક હજાર રૂપિયાની નોટોને ચલણમાંથી બહાર કરવાનો નિર્ણય લેવામાં આવ્યો, તે તમામ પૂરા થયા નથી. એ ખરું કે ટેક્સ ચોરી પર એક હદ સુધી લગામ લાગી અને તાત્કાલિક રીતે કાળા નાણાંને ઝાટકો લાગ્યો, પરંતુ એમ ન કહી શકાય કે તેનાથી ભ્રષ્ટાચાર પર અંકુશ આવ્યો. યોગ્ય એ રહેશે કે રિઝર્વ બેંકની સાથે સરકાર એના પર વિચાર કરે કે એ તમામ ઉદ્દેશ્ય કેવી રીતે પૂરા થાય, જે નોટબંધી મુદ્દે નક્કી કરવામાં આવ્યા હતા. નોટબંધીથી જે અનુભવ મળ્યા, તેનાથી ભવિષ્ય માટે બોધ પણ લેવો જોઈએ.

## રાષ્ટ્રગીતના અપમાનનો કેસ :મમતા બૅનરજી સામે ફરિયાદ કરવા મંજૂરી લેવી જરૂરી નહોતી કોર્ટ

મુંબઇ,તા.૪

મુંબઈમાં બીજેપીના કાર્યકર્તા વિવેકાનંદ ગુપ્તાએ ગયા વર્ષે મૅજિસ્ટ્રેટની અદાલતમાં ફરિયાદ નોંધાવી ફરિયાદ પક્ષે જણાવ્યું હતું કે રાષ્ટ્રગીતનું અપમાન કરવા બદલ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બૅનરજી વિરુદ્ધ ફોજદારી કેસ દાખલ કરવા માટે મંજૂરી લેવાની જરૂર નહોતી, કારણ કે કથિત બનાવ તેમની સત્તાવાર નહીં, બલકે રાજકીય મુલાકાત દરમ્યાન બન્યો હતો.સંસદસભ્યો અને વિધાનસભ્યો સામેના કેસ માટેની અહીંની સ્પેશ્યલ કોર્ટે કેસ મામલે સ્થાનિક મૅજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા મમતા બૅનરજી વિરુદ્ધ જારી કરવામાં આવેલાં સમન્સ સામે મમતાએ દાખલ કરેલી રિવ્યુ પિટિશનની સુનાવણી હાથ ધરી હતી.

મુંબઈમાં બીજેપીના કાર્યકર્તા વિવેકાનંદ ગુપ્તાએ ગયા વર્ષે મૅજિસ્ટ્રેટની અદાલતમાં ફરિયાદ નોંધાવીને આક્ષેપ કર્યો હતો કે મમતા બૅનરજી ડિસેમ્બર, ૨૦૨૧માં મુંબઈની મુલાકાત દરમ્યાન એક કાર્યક્રમમાં રાષ્ટ્રગીત વાગી રહ્યું હતું ત્યારે ઊભાં થયાં નહોતા.

### નિજ નીડ પરત!!

કોઈને ઉતાવળ નથી,
કોઈને હાયવોય નથી,
સૌ ગુલતાનમાં છે,
ગમતાના ગુલાલમાં છે,
કોઇ વોક કરે છે,
કોઇ ટોક કરે છે,
ચાને હળવે હળવે,
શરાબની માફક સિપ કરે છે.
કોઇ ફોટો પાડે છે,
કોઇ ફોટો પડાવે છે,
કવિ જીવ દરિયાના મોજા ગણે છે,
વિવેચકો તેમાં નુખ્સ કાઢે છે.
કુલ કુલ બ્રીઝ,
વાતાવરણને વધુ મોહક બનાવે છે.
દરિયાના પાણીને ચિરતા,
વોટર બાઈક થ્રીલ ફીલ કરાવે છે.
ચિત્રકારે,
હળવા હાથે,
પીંછીના લસરકે દોરેલ,
પેઈન્ટિંગ સમ ઓસ્સમ ભાસે છે.
પ્રસન્નતાના પારિજાતનો પરિમલ પ્રસરી રહ્યો છે!!
સમય થીજી ગયો છે,
જયમ ડીપ ફ્રિજમાં આઈસક્રીમ થીજે છે,
ધીમા તાપે હોચપોચ સીઝે છે!!
સ્વર્ગાનુભૂતિ,
આનાથી વિશેષ,
શું હોય ભલા??
જુહુ ચોપાટીથી,
પરત આવવા મથતા,
પગે આસકિતની સાંકળ જકડી લે છે!!
પગ છોડાવીને પરત આવતા,
હૃદયમાં લોહીના ટશિયા આવે છે!!!
ભરત વૈષ્ણવ
૪.૧.૨૦૨૩.

# આકાશમાં અકસ્માત ઘટાડવા આ લેખ વાંચો!!

આપણો દેશ અકસ્માત પ્રધાન દેશ છે. મોટા ભાગે અકસ્માત માનવની બેદરકારી, બેકાળજીના લીધે થાય છે. પહેલા વિશ્વ યુધ્ધ કે બીજા વિશ્વ યુધ્ધમાં જેટલા સૈનિકના અવસાન થયા હતા તેનાથી વધુ માર્ગ અકસ્માતમાં ખપી ગયા છે. રોડની ખરાબ ડિઝાઈન કે ગફલત ભર્યા ડ્રાઈવીંગથી ખપી ગયા છે!!! ભારતમાં દર ચાર મિનિટે એક વ્યક્તિ મરણ શરણ થઇ હરિ ચરણમાં પહોંચી જાય છે. ભારતમાં દુર્ઘટનાને કારણે દરરોજ ૪૨૬થી વધારે લોકોના મૃત્યુ થઈ જાય છે. ૨૦૨૧માં દેશભરમાં ૪.૦૩ લાખથી વધારે માર્ગ અકસ્માત થયા હતા. તેમાં ૧.૫૫ લાખથી વધારે લોકોના મૃત્યુ થયા હતા. એટલે કે, દરરોજ ૪૨૬થી વધારે લોકોના જીવ માર્ગ અકસ્માતમાં ગયા. આ પ્રમાણે દર કલાકે લગભગ ૧૮ લોકોના મૃત્યુ થયા.

ગયા વર્ષે ૪.૦૩ લાખ દુર્ઘટનાઓમાં ૨.૪૦ લાખથી વધારે દુર્ઘટના અને મોત ઓવરસ્પીડિંગના કારણે થયા હતા. ઓવરસ્પીડિંગના કારણે થયેલા માર્ગ અકસ્માતમાં ૮૭,૦૫૦ લોકોના મોત થયા હતા, જ્યારે ૨.૨૮ લાખથી વધારે ઈજાગ્રસ્ત થયા હતા. સૌથી વધારે માર્ગ અકસ્માત નેશનલ હાઈવે પર થયા હતા. ગયા વર્ષે દેશભરમાં નેશનલ હાઈવે પર ૧.૨૨ લાખ માર્ગ અકસ્માત થયા હતા. આ દુર્ઘટનાઓમાં ૫૩,૬૧૫ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે, સ્ટેટ હાઈવે પર ૯૬,૪૫૧ દુર્ઘટનાઓમાં ૩૯ હજારથી વધારે મૃત્યુ થયા હતા. જ્યારે, અન્ય પ્રકારના રસ્તાઓ પર ૧.૪૮ લાખ દુર્ઘટનાઓ બની હતી, જેમાં ૬૨,૯૬૭ લોકોના જીવ ગયા હતા. ભારતમાં દુનિયાની ફક્ત ૧ ટકા ગાડીઓ જ છે, પણ દુનિયાભરમાં થનારા ૧૧ ટકા માર્ગ અકસ્માતો અહીં જ થાય છે. એટલે, દર ૧૦૦ દુર્ઘટનાઓમાંથી ૧૧ દુર્ઘટનાઓ ભારતમાં થાય છે. દર વર્ષે માર્ગ અકસ્માતોમાં ૧.૫૦ લાખ મૃત્યુ થઈ જાય છે, જ્યારે ૭.૫૦ લાખથી વધારે લોકો વિકલાંગ થઈ જાય છે. દુર્ઘટનાઓનો શિકાર થનારાઓમાં મોટાભાગે પગપાળા કે સાયકલ પર જતા લોકો હોય છે.

સૌથી વધારે માર્ગ અકસ્માત અમેરિકા અને જાપાનમાં થાય છે, પણ મૃત્યુ ભારતમાં થાય છે. અમેરિકામાં ૨૨ લાખથી વધારે માર્ગ અકસ્માતોમાં ૩૭,૪૬૧ લોકોના મૃત્યુ થયા હતા. જ્યારે, ભારતમાં લગભગ ૫ લાખ દુર્ઘટનાઓમાં ૧.૫૦ લાખથી વધારે મૃત્યુ થઈ ગયા હતા. એક દાયકા (૨૦૧૧-૨૦૨૦)માં ભારતમાં ૧૩ લાખથી વધારે મોત થયા હતા, જ્યારે ૫૦ લાખથી વધારે લોકો ઈજાગ્રસ્ત થયા હતા. ભારતમાં માર્ગ દુર્ઘટનાઓથી ૧.૪૭ લાખ કરોડ રૂપિયાથી વધારેનું નુકસાન થવાનું અનુમાન લગાવવામાં આવ્યું હતું. આ રકમ ભારતના જીડીપીના ૩ ટકા બરાબર છે. માર્ગ દુર્ઘટનાઓના કારણે ગરીબી પણ વધે છે. માર્ગ અકસ્માતો અને તેમાં થયેલું મોત એક પરિવારને ગરીબીમાં ધકેલી દે છે, જ્યારે જે ગરીબ હોય છે, તે દેવાદાર થઈ જાય છે. દુર્ઘટના બાદ ૭૫ ટકાથી વધારે ગરીબ પરિવારની કમાણીમાં ઘટાડો આવી જાય છે.આમ, ગરીબી વધારવાનાં વસતી વધારો, મોંઘવારી,સંપતિની અસમાન વહેંચણી, બેરોજગારી વિલન નથી, પણ ખરો વિલન અકસ્માત છે. જેની તરફ નેતાગણનું ધ્યાન ગયું નથી. નહીંતર અકસ્માત ઘટાડો, ગરીબી ઘટાડો જેવા ચીકણા ચુપડા સૂત્રો વાઈરલ કર્યા હોત!!

માર્ગ અકસ્માતની ઘટના અંગે ૧૫ રાજ્યોના કરાયેલા સર્વેમાં દર ૬ અકસ્માતે ૧ અકસ્માત નશો કરેલા ડ્રાઈવીંગના કારણે થયો હોવાનું નોંધાયું છે. મહારાષ્ટ્ર, ગુજરાત, આંધ્રપ્રદેશ અને તેલગણા રાજયના વાહન ચાલકો નશો કરી અકસ્માત સર્જતા હોવાનું નોંધાયું છે.ટ્રકના ૨૦ ટકા ડ્રાઈવર, કાર ચાલક ૨૦ ટકા અને બસના ૧૯ ટકા ચાલક દારૂનો નશો કરી વાહન ચલાવતા હોવાનું જણાયેલ હતું. અકસ્માતની કુલ ઘટનામાં ૩ ટકા બનાવ દારૂ પીવાના કારણે બન્યાનું નોંધાયું હતું. ૫૩ ટકા ટ્રક ચાલકો દારૂ પીને ડ્રાઈવીંગ કરતી સમયે ઊંઘી જતા હોવાથી ગંભીર અકસ્માતની ઘટના બને છે. ૨૦૧૭ના વર્ષ દરમિયાન અકસ્માતની ઘટના મુજબ ૯૮,૬૦૦ એટલે કે ૭૦ ટકા અકસ્માત વાહનો ગતિ મર્યાદા ઓળંગવાના કારણે થયા હતા. ઝડપ નિયમનું પાલન ન કરતા માત્ર ૧૯ ટકા વાહન ચાલકોને સજા થાય છે.

અકસ્માતના કારણે સાયરસ મિસ્ત્રી સહિત કેટલાય આશાસ્પદોના જીવન અકારણ સ્માપ્ત થયેલ છે . હમણા ક્રિકેટર રિષભ પત નવા વરસે તેની માને સરપ્રાઇઝ આપવાની ચક્કરમાં ઓવર સ્પિડિંગ કે નેશનલ હાઇ વે પરની ખાડાને કારણે હોસ્પિટલની હવા ખાઇ રહ્યો છે. પંતની માને સરપ્રાઈઝને બદલે શોકિંગ ન્યુઝ મળ્યા છે!! હમણા નવા વરસની શરૂઆતમાં નોકરી કરીને પરત ફરતી સ્કુટી સવાર યુવતીને અમીર ઘરાનાના વંઠેલ નબીરાઓએ અકસ્માત કરી ભાગવાની ફિરકામાં ચાર કિલોમીટર સુધી કાર સાથે ઘસડતા યુવતીને જીવાદોરી ખેંચાઇ ગઇ છે!!

તમે ધ્યાનથી જોયું હશે કે ( ભાઇ અમે ધ્યાનથી જોઇ શકતા હોય તો તમને ધ્યાનથી જોવાનું શું કામ કહીએ???અમારું ધ્યાન વૈશ્વિક સમસ્યા પર જળોની જેમ ચોંટેલું હોય છે! એક અકસ્માત અટકે એ અગત્યનું છે કે રશિયા-યુક્રેન યુધ્ધ સમાપ્ત થાય એ અગત્યનું છે?? આ યુધ્ધ પૂરું થયેથી શાંતિનો નોબેલ એવાર્ડ પાકા બોરની જેમ અમારા ખોળામાં આવવાનો છે એ લખી રાખજો. તમે ખોળોબોળો પાથરીને લંગશ નાંખશો નહીં!!!) અકસ્માત થાય તેમાં કાયમ મોટા વાહનનો વાંક નીકળે છે.પછી ભલે બાઇક કે સાઇકલ વન વેમાં ઘુસ્યો હોય કે રોંગ સાઇડમાં વાહન ચલાવતો હોય!! રાણાવાવમાં એક માણસ હતો. કોઇ સાથે વાહન અથડાય કે તરત જ બોલે નું તો આંધરીનો સું પણ તુંય આંધરીનો સું?? આવા ગળેપડુને તમે શું કહી શકો?? અકસ્માત સમયે ટોળું વળી જાય. બધા ફોટા પાડે, વિડીયો બનાવે પણ ઘાયલ થઇ ગરોળીની કપાયેલ પૂંછડી જેમ તરફડતી વ્યકિતને દવાખાને પહોંચાડવા કોઇ માઈનો લાલ કે લાલી આગળ ન આવે. એમાં પણ અકસ્માત કરનાર કે ઘાયલ થનાર છોકરી હોય કે પ્રૌઢા હોય તો સહાનુભૂતિનો સાગર રેલાવવા કેટલાય લબડુંપેટુંઓ આગળ ધસી આવે!! સામેના માણસનો દોષ ન હોય તો પણ હાથ સાફ કરી લે!! આને ઉન્નત ભ્રૂ લોકો શિવલરી કહે છે!! માત્ર સ્ત્રી દાક્ષિણ્ય હોતું નથી , સાથોસાથ સ્ત્રી પૌર્વાત્ય અને પશ્ચિમાત્ય કે ઉતરાત્ય પણ ભરપૂર માત્રામાં હોય છે.અકસ્માત કરનારની તુમાખી પણ પ્રેક્ષણીય હોય છે. કારનું બારણું ખેલીને કેનબાઇક પાર્ક કરીને માતેલા સાંઢની માફક મને ઓળખશ? નું કોણ સું ? એ ખબર સે?? જેવા પરિચયલક્ષી પ્રશ્નો કરે છે. સામાવાળો પણ ગાંજ્યો જાય તેવો ન હોય!! સરવાળે નરસિંહ મહેતાનું કવિતા દેવો સિન થાય!! બે ય બળિયા બાથે વળગ્યા !!

હાઇવે કે માણેકચોક કે ભાવનગરની સાંકડી ગલીમાં સામસામે વાહનો ભટકાય એ સમજાય. ટ્રાફિકની ગ્રીન લાઇટ બંધ થઇ જશે અને લાલ લાઇટ ચાલુ થશે તો ઇન્સ્ટન્ટ મેગીની જેમ બે મિનિટ ઉભા રહેવાથી કારોબાર ચોપટ થવાના રઘવાટમાં ટ્રાફિક જંપ કરતાકેઇ વાહન સાથે ભટકાઇ જવાની બીના ગળે ઉતરે!!! પરંતુ, સાલ્લું આકાશમાં હૈયેહૈયું દળાય તેવો ચિકકાર ટ્રાફિક હોય છે?? ઉપર બમ્પ નથી, રસ્તામાં ખાડા નથી એટલે રમ્પલીંગ જમ્પવીંગ બમ્પ નથી!! ઉપર રોડ પરના ભૂવાની ભરમાર હોતી નથી રોડ પરમ પિતાશ્રીએ બનાવેલ હોય તેની મગરૂબીથી રોડ પર સ્વચ્છંદે અડો જમાવેલ ગાય માતા કે ગૌવંશ હોતો નથી. વાહનચાલકનુ ધ્યાન ભટકે તે રીતે મજબુરીના કારણે ખુલ્લામાં ચક્ર ફિલ્મની જેમ સ્નાન કરતી મહિલા પણ હોતી નથી. ફૂટપાથ રોડ પર ધાર્મિક, કોમર્શિયલ કે ઝૂંપડીના દબાણો હોતા નથી. છતાં આકાશમાં ઉડતા વિમાનો અથડાઇ જાય છે! હમણા ટ્રેનના એક પાટા પર અર્જુન અને દુર્યોધનને રથ સામસામે આવી જાય તેમ બે ટ્રેનો સામસામે આવી ગયેલ હતી. ડ્રાઇવરની સમયસૂચકતાના લીધે ગમખ્વાર અકસ્માત થતો બચી ગયેલો.

હમણા અમેરિકાના ટેક્સાસ રાજ્યમાં એરશો દરમિયાન એક ભયાનક અકસ્માત થયો હતો. અહીં ડલ્લાસમાં બીજા વિશ્વયુદ્ધના સમયના બે યુદ્ધ વિમાનો આકાશમાં ટકરાયા હતા. અકસ્માત એટલો ભયાનક હતો કે ટક્કર થતાં જ એક પ્લેનના બે ટુકડા થઈ ગયા, જ્યારે બીજું પ્લેન સંપૂર્ણ રીતે નાશ થઈ ગયું. આ અકસ્માત ડલ્લાસ એક્ઝિક્યુટિવ એરપોર્ટ પાસે થયો હતો. પાયલોટ અને ક્રૂ મેમ્બર સહિત ૬ લોકોના મોતની આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે .યુએસએના ડલ્લાસમાં વિશ્વ યુદ્ધ-૨ સ્મારક એરશોનું આયોજન કરાયું હતું. આ એરશોને નિહાળવા માટે ઘણા લોકો આવ્યા હતા. આ એરશો ચાલી રહ્યો હતો ત્યારે અચાનક એક બોઈંગ B-૧૭ ફ્લાઈંગ ફોર્ટ્રેસ બોમ્બર અન્ય બેલ -૬૩ કિંગકોબ્રા ફાઈટર પ્લેન એકબીજા સાથે અથડાયા હતા

ઝારખંડનાં સૌથી ઊંચા રોપવે(Rope way) પર ટ્રોલી(Trolley) એક બીજા સાથે અથડાતા અકસ્માત સર્જાયો છે. જેમાં ૪૮ લોકો હવામાં ફસાયા હતા. બચાવ કાર્યમાં લશ્કરને પણ જોતરવામાં આવેલ . આ અકસ્માતમાં ત્રણ વ્યકિત મૃત્યું પામેલ.

પશ્ચિમ બંગાળના માલદા, આસામના કોકરાઝાર અને દેવઘર અને ગિરિડીહ જિલ્લાના પ્રવાસીઓ ત્રિકૂટ પર્વતની મુલાકાત લેવા આવ્યા હતા. જ્યાં કુલ ૪૮ પ્રવાસીઓ રોપ-વેની ૨૬ ટ્રોલીઓમાં બેસીને પર્વતની ટોચ પર પહોંચ્યા હતા. આ ઘટનામાંથી બચી ગયેલા એક પ્રવાસીએ જણાવ્યું કે નીચે આવતા સમયે ટ્રોલી અચાનક જ ઝૂલવા લાગી અને વાયરથી તૂટીને નીચે લટકી ગઈ. તેનો ફટકો એટલો જોરદાર હતો કે ટ્રોલીમાં સવાર સાત લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી. જે બાદ રોપ-વે બંધ થઈ ગયેલો.

કેદારનાથ ધામ પાસે હેલિકોપ્ટર દુર્ઘટનામાં પાયલટ સહિત ૭ લોકોના મોત થયા હતા. અકસ્માત એટલો ભયંકર હતો કે હેલિકોપ્ટર ક્રેશ થતાની સાથે જ આગની લપેટમાંઆવી ગયુ હતું. હેલિકોપ્ટરના ટુકડે ટુકડા થઈને ભંગારમાં ફેરવાઈ ગયા હતા. હેલિકોપ્ટર જમીન પર પડતાની સાથે જ મૃતદેહો અહીં-ત્યાં વેરણ છેરણ થઈ ગયા હતા. તો બીજીબાજૂ કેદારનાથ અને બદ્રીનાથ (Badrinath) ધામની નજીક રહેતા ગ્રામવાસીઓએ પહેલાથી જ અકસ્માતની સંભાવના વ્યક્ત કરી હતી. આ હેલિકોપ્ટરની હાલત ઓટોરિક્ષા જેવી છે. જેમ ઓટોરિક્ષા મુસાફરોથી ભરાય છે અને રોડ પર દોડે છે તેવી જ રીતે હેલિકોપ્ટર આકાશમાં ઉડતા ફરે છે. ખરાબ હવામાન પછી પણ હેલિકોપ્ટર મુસાફરો સાથે ઉડે છે.

ફ્રાન્સના લોકે, ઈંદ્રે-એટ-લોરેથી ૯ ઑક્ટોબરના રોજ સાંજે ૪: ૪૫ વાગ્યે આવ્યો હતો. અહીં આકાશમાં બે બેઠેલા વિમાન ટુરિસ્ટ વિમાન સાથે ટકરાયા હતા. આ અકસ્માત પછી, જમીન પર જોરદાર વિસ્ફોટનો અવાજ સંભળાયો. આ અકસ્માતમાં પ્રવાસી વિમાનમાં બેઠેલા ત્રણ લોકો અને બીજા વિમાનના બંને મુસાફરો માર્યા ગયા હતા. તેનો મૃતદેહ બળી ગયો હતો અને લોકો જમીનમાંથી બહાર નીકળ્યા હતા. અકસ્માત બાદ વિમાનનો કાટમાળ દૂર-દૂર ફેલાઈ ગયો હતો. શહેરનું કેન્દ્ર નજીક એક નાનકડું વિમાન પડ્યું. તે સીધો ઘરની ટોચ પર પડ્યો.

ઓસ્ટ્રેલિયાના ક્વીન્સલેન્ડમાં સોમવારે એક ભાયાનક દુર્ઘટના સર્જાઈ હતી. અહીં આકાશમાં બે હેલિકોપ્ટર અથડાયા હતા. આ દુર્ઘટનામાં ૪ લોકોના મોત થયા છે. તેમજ ત્રણ લોકોની હાલત ગંભીર હોવાનું જોણવા મળી રહ્યું છે. આ દુર્ઘટના એક થીમ પાર્ક પાસે થઈ હતી. અહીં લોકો હેલિકોપ્ટરમાં આનંદ માણી રહ્યા હતા. નજરે જોનાર એકે જણાવ્યું હતુ કે એક હેલિકોપ્ટર લેન્ડ કરી રહ્યું હતું અને બીજું ટેક-ઓફ કરી કહ્યું હતુ. આ દરમિયાન બંને અથડાયા હતા.

બોલો આટલા વિમાની અકસ્માતની માહિતી તમારી પાસે હતી?? આકાશમાં વિમાની અકસ્માતની સંખ્યા વધતી જાય છે.પરંતુ, કોઇના પેટનો વાઇન હલતો નથી!!! આ માટે એકશન રીએકશન પ્લાન તૈયાર કરવો જરૂરી બની રહે છે!! અંધાધૂંધ ટ્રાફિક રેગ્યુલેટ કરવાની જરૂર છે!!આકાશમાં અકસ્માત નિવારવા ટ્રાફિક પોલીસનું પેટ્રોલિંગ ચાલું કરવા, ટ્રાફિક લાઇટના થાંભલા ઉભા કરવા, બમ્પ અને સ્પીડ બ્રેકર બનાવવા, વન વે જાહેર કરવા,ઝીબ્રા પટા ચીતરવાની જરૂર છે!! કોઇક તો શરૂઆત કરવી પડશે !!

ભરત વૈષ્ણવ....૪.૧.૨૦૨૩.

## અમેરિકી રાષ્ટ્રપતિ બાયડેને ૨૦૨૧માં ગારસેટ્ટીને ભારતમાં આગામી રાજદૂત તરીકે નિયુક્ત કર્યા

વોશિંગ્ટન,તા.૪

અમેરિકાના રાષ્ટ્રપતિ જો બાયડેને ભારત અને અમેરિકા વચ્ચેના સતત ગરમ થતા સંબંધો વચ્ચે લગભગ અડધો ડઝન ભારતીય-અમેરિકનોને મહત્વપૂર્ણ વહીવટી પદો પર ફરીથી નામાંકિત કર્યા છે. જો કે, ગત કોંગ્રેસમાં સેનેટ દ્વારા તેમના નામોની પુષ્ટિ કરવામાં આવી ન હતી. આ સિવાય ફરી એકવાર એરિક ગારસેટીનું નામ રાષ્ટ્રપતિ દ્વારા ભારતના આગામી રાજદૂત તરીકે નોમિનેટ કરવામાં આવ્યું છે.

યુએસમાં ૧૧૮મી કોંગ્રેસના ધારાસભ્યોએ મંગળવારે શપથ લીધા અને યુએસ હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવ્સના સ્પીકરની પસંદગીની પ્રક્રિયા શરૂ થઈ. રાષ્ટ્રપતિ બાયડેને રિચાર્ડ વર્માને મેનેજમેન્ટ અને રિસોર્સિસના ડેપ્યુટી સેક્રેટરી અને ડૉ. વિવેક હલગર મૂર્તિને વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશનના એક્ઝિક્યુટિવ બોર્ડમાં યુએસ પ્રતિનિધિ તરીકે નામાંકિત કર્યા છે.

આ સિવાય રાષ્ટ્રપતિ બાયડેને અંજલિ ચતુર્વેદીને જનરલ કાઉન્સેલ, રવિ ચૌધરીને એરફોર્સના આસિસ્ટન્ટ મિનિસ્ટર તરીકે, ગીતા રાવ ગુપ્તાને વુમન ઈસ્યુઝ માટે ગ્લોબલ એમ્બેસેડર અને રાધા આયંગર પ્લમ્બને ડિફેન્સ મિનિસ્ટર તરીકે નોમિનેટ કર્યા છે. બાયડેને અગાઉની કોંગ્રેસમાં પણ આ તમામ મુખ્ય વહીવટી હોદ્દાઓ માટે લોકોને નામાંકિત કર્યા હતા, પરંતુ સેનેટે તેમના નામોની પુષ્ટિ કરી ન હતી.

આ સિવાય અમેરિકી રાષ્ટ્રપતિ જો બાયડેને ફરી એકવાર એરિક ગારસેટ્ટીને ભારતમાં આગામી રાજદૂત તરીકે નોમિનેટ કર્યા છે. વ્હાઈટ હાઉસે આશા વ્યક્ત કરી છે કે આ વખતે અમેરિકી સેનેટ દ્વારા તેમના નામની પુષ્ટિ કરવામાં આવશે. વ્હાઈટ હાઉસે સેનેટમાં તેમનું નામ મોકલ્યા બાદ એક નિવેદનમાં કહ્યું કે, “કેલિફોર્નિયાના એરિક એમ. ગારસેટ્ટી ભારતમાં યુએસ એમ્બેસેડર બની શકે છે.”

વ્હાઈટ હાઉસના પ્રેસ સેક્રેટરી કેરીન જીન-પિયરે તેમની દૈનિક પ્રેસ કોન્ફરન્સમાં જણાવ્યું હતું કે, “જેમ કે સેક્રેટરી ઓફ સ્ટેટ એન્ટની બ્લિંકે તાજેતરમાં કહ્યું હતું કે, ભારત સાથે અમારો સંબંધ મહત્વપૂર્ણ છેપ” જેમને બાયડેનની નજીક ગણવામાં આવે છે.તેમણે કહ્યું કે મેયર ગારસેટીના નામને અગાઉ મંજુરી આપવામાં આવી ન હતી, તેમને બંને પક્ષોનું સમર્થન છે. જીન-પિયરે કહ્યું, “તે આ મહત્વપૂર્ણ પદ પર સેવા આપવા માટે સંપૂર્ણ રીતે લાયક છે. મેયર ગારસેટી અને અમે આશા રાખીએ છીએ કે સેનેટ તરત જ તેમના નામની પુષ્ટિ કરશે.”

અગાઉ, અમેરિકી રાષ્ટ્રપતિએ ૨૦૨૧ માં ગારસેટ્ટીને ભારતમાં આગામી રાજદૂત તરીકે નામાંકિત કર્યા હતા. પરંતુ આંતરિક તપાસ દરમિયાન ગારસેટ્ટીના નામની પુષ્ટિ અટકાવવામાં આવી હતી. ગારસેટ્ટીની (૫૧) ઓફિસના એક કર્મચારી પર જાતીય સતામણીનો “ગંભીર આરોપ” લગાવવામાં આવ્યો છે.

## ઉત્તરાખંડમાં મોટી તબાહી! ૩૨ ગામો જોખમમાં, જમીન ધસી ગઈ, ઘરોમાંથી પાણી નીકળી રહ્યું

દહેરાદુન,તા.૪

ભારતની સરહદ પર વસેલા ઉત્તરાખંડના ચમોલી શહરમાં પાણીના નિકાલની કોઈ વ્યવસ્થા ન હોવાના કારણે જોશીમઠની જમીન ખસી રહી છે.

આ કારણે સ્થિતિ એ બની છે કે ગામના લોકોને ત્યાથી દુર જવા મજબુર બન્યા છે. એક તરફ જ્યા પાણીના નિકાલની વ્યવસ્થા નથી અને બીજી તરફ અલકનંદાના ધોવાણ તેમજ અનિયંત્રિત નિર્માણ કાર્યથી ૩૨ જેટલા ગામ પર ખતરો મંડરાઈ રહ્યો છે.

જોશીમઠ એકલુ જ શહેર નથી પણ ઉતરાખંડમાં ૩૨ ગામના પણ આવા જ હાલ છે. ચમોલીમાં અત્યાર સુધીમાં ૫૮૪ મકાનો અને હોટલો તેની ઝપેટમાં આવી ગયા છે.

ડિઝાસ્ટર મેનેજમેન્ટના સચિવ રણજીત સિંહાનું કહેવું છે કે જોશીમઠમાં સ્થિતિ ચિંતાજનક છે. જોશીમઠનું નિરીક્ષણ કરીને પરત ફરેલી ટેકનિકલ ટીમે અનેક સૂચનો આપ્યા છે. આ મામલે તાત્કાલિક અમલ કરવાની જરૂર છે. ટેક્નિકલ ટીમે ભૂસ્ખલનનું સૌથી મોટું કારણ જોશીમઠમાં ડ્રેનેજની કોઈ વ્યવસ્થા નથી તે જણાવ્યુ હતું. જોશીમઠમાં પાંચ માળની હોટલોના અનિયંત્રિત અને બિનઆયોજિત બાંધકામો નીચાણમાં વધારો કરી રહ્યા છે. આ સ્થિતિ માત્ર જોશીમઠમાં જ નથી, પરંતુ મોટાભાગના પહાડી નગરોમાં છે.

જોશીમઠમાં ભૂસ્ખલનની સ્થિતિના કારણે લોકો ભયભીત છે. શહેરના પ્રવેશદ્વાર પર આવેલી બે મોટી હોટલોમાં તિરાડ પડી જતાં તેની નીચે રહેતા ૫ થી ૧૦ પરિવારો જોખમમાં મુકાયા છે. સુરક્ષાને ધ્યાનમાં રાખીને વહીવટીતંત્રે ૫ પરિવારોને નગરપાલિકા અને બ્લોક જોશીમઠમાં શિફ્ટ કર્યા છે. લોકો ઘર છોડીને અન્ય જગ્યાએ શિફ્ટ થયા છે. હવે ધીમે ધીમે લોકોની ધીરજ પણ તૂટી રહી છે. અસરગ્રસ્તો પણ રડવા લાગ્યા છે. પ્રશાસન પણ સુરક્ષાના દૃષ્ટિકોણથી લોકોને ખસેડી રહ્યું છે.

## સોનિયા ગાંધીને ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરાયા

નવીદિલ્હી,તા.૪

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ સોનિયા ગાંધીને નિયમિત સ્વાસ્થ્ય તપાસ માટે સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. સોનિયા ગાંધી પણ બે વખત કોરોનાની ઝપેટમાં આવી ચુક્યા છે. સોનિયા ગાંધી છેલ્લા કેટલાક સમયથી સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. અગાઉ સોનિયા ગાંધીની તબિયત બગડતા તેમને ૧૨મી જૂને આ જ હોસ્પિટલમાં દાખલ કરાયા હતા. સોનિયા ગાંધીને ૨ જૂને કોરોના સંક્રમિત થયા હતા, ત્યારથી ગંગારામ હોસ્પિટલમાં તેમનું રૂટિન ચેકઅપ કરવામાં આવી રહ્યું છે.

પ્રથમવાર કોરોના સંક્રમિત થયા બાદ સ્વાસ્થ્ય સંબંધી સમસ્યાઓને કારણે ૭૫ વર્ષિય સોનિયા ગાંધીને ગત વર્ષે ૧૨મી જૂને સર ગંગારામ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા, જ્યારે તેઓ કોરોના સંક્રમિત થયા હોવાનું સામે આવ્યું હતું. કોંગ્રેસ પક્ષ તરફથી કહેવાયું હતું કે, હોસ્પિટલમાં દાખલ કરાયા બાદ જાણવા મળ્યું કે, સોનિયા ગાંધીની શ્વાસ નળીમાં ફંગલ સંક્રમણ હોવાનું બહાર આવ્યું હતું. તેમની પુત્રી પ્રિયંકા ગાંધી વાડ્રા તેમની સાથે હોસ્પિટલમાં આવી હતી. તેમના જણાવ્યા અનુસાર, સોનિયા ગાંધી શ્વાસ સંબંધી ચેપથી પીડિત છે.

## કાશ્મીરમાં ફરી જોરદાર હીમવર્ષા : તાપમાન માઈનસ ૨૦.૮ ડીગ્રી

શ્રીનગર,તા. ૪

કાશ્મીરમાં નવેસરથી જોરદાર હીમવર્ષા શરુ થવા સાથે સમગ્ર ઉત્તર ભારતમાં ઠંડીનો પ્રકોપ સર્જાયો છે.કાશ્મીરના દ્રાસમાં તાપમાનનો પારો ગગડીને માઈનસ ૨૦.૮ ડીગ્રીએ સરકી ગયો હતો. સમગ્ર રાજ્યમાં મોટાભાગે તાપમાન માઈનસમાં જ રહેવાની સાથોસાથ સર્વત્ર બરફની ચાદર સર્જાય છે.ભારતના મોટાભાગના ઉત્તરીય રાજ્યોમાં કાતીલ ઠંડીનો દોર યથાવત રહેવા સાથે આવતા ત્રણ-ચાર દિવસ સુધી ગાઢ ધૂમ્મસ સર્જાવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

કાશ્મીરમાં સૌથી વધુ કાતીલ ઠંડી હોય તેમ નવેસરથી ભારે હીમવર્ષાથી તાપમાનનો પારો વધુ નીચે સરક્યો છે. દ્રાસમાં તાપમાન માઈનસ ૨૦.૮ ડીગ્રી નોંધાવા ઉપરાંત શ્રીનગરમાં માઈનસ ૪.૪ ડીગ્રી, પહેલગામમાં માઈનસ ૭.૨ ડીગ્રી, ગુલમર્ગમાં માઈનસ ૯.૨ ડીગ્રી તથા લેહમાં માઈનસ ૧૪ ડીગ્રી તાપમાન નોંધાયું હતું.કાશ્મીરમાં હાલ ૪૦ દિવસનો ચિલ્લઈકલાનનો તબક્કો ચાલી રહ્યો છે અને આ દરમિયાન સૌથી વધુ બરફ વર્ષા થતી હોય છે.

ન્યુઝ ઓફ ગાંધીનગર.

# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ








NOG SS N0 : 0082
વિષય : તૃપ્તિ
પ્રકારઃ ગદ્ય
શિર્ષકઃ આહલાદક તૃપ્તિ ની
સુગંધ,
બાળકોથી રમતા આંગણમા દાદા, બા ના ચહેરા પર જે હાસ્ય ,ઉલ્લાસ ની રેખાઓ
દ્રશ્યમાન થાય છે તે જીવનની
અંતિમ પળોમાં હાશકારા રુપે
દેખાય છે,
ખીલતા ફૂલો સમાન હસતા રમતા બાળકો જોડે પાનખર
ને જોતા વડીલો ભૂતકાળને
વાગોળતા બાળક સમાન બની
જાય છે,
અમે જોઇ છે ભુતકાળની કેડી
બાળક બની ને હસતા રમતા
લીલીવાડી જોઇને હરતા ફરતા
સુખ દુખ નો સાગર ઊલેચતા
તૃષ્ણા કેરી જીંદગીમાં રહેતા
તડકે છાયે કઠોર જીવન જીતા
સપના ઓઢી ચાદરમા સુતા
મનથન સઘળા આ જીવનના
જીવનમા કયારેય અતિરેક ન
થવા દઈ મનની બુલેટ ટ્રેન ને
બ્રેક મારી મોજ મસ્તી ના
સથવારે સૌ ચિંતા પ્રભુ શિરે
નાખી આ સમસ્ત જીવન પથ
સરળ અભિગમ થી રચાવી
આ દેહ ઉડશે સાગમતો વેલો,
રાખના પવનમાં અલિપ્ત થાશે
સૌ કેરો'
સમજી તૃષ્ણા રુપી ઊંડા સાગરને ત્યજી તૃપ્તિનો ઊદગાર મેળવી રૂપે દેખાય છે,
ડો.અનિરુદ્ધ ભાઈ વ્યાસ

---

NOG .SS.NO. 137.
વિષય - તૃષ્ણા કે તૃપ્તિ...?
પ્રકાર - ગદ્ય
શબ્દો - ૩૭૦
શીર્ષક - મૃગતૃષ્ણા.

ગામનાં એક નાના મહોલ્લાનાં ગરીબ પરિવારમાં અર્જુનનો જન્મ થયો હતો.તેનાથી એક મોટી બહેન હતી.માતા પિતાએ ખૂબ જ દુ:ખ વેઠીને બન્ને ભાઈ બહેનને ભણાવ્યા. અર્જુન ભણવામાં પહેલેથી જ આગળ પડતો. ભણવા સાથે અર્જુન રેડિયોમાં નાનુંમોટું કામ કરી થોડાં ઘણા રૂપિયા રળી લેતો.

કોલેજમાં ભણતાં અર્જુનને વિદેશ જવાનો ખૂબ જ મોહ હતો પણ આર્થિક સ્થિતિ ખૂબ જ તંગ હતી એટલે તે નિરાશ હતો. આ વાત તેનાં માતાપિતા જાણતાં હતા. છેવટે તેની તૃષ્ણા સંતોષવા માતાએ તેનાં દાગીના વેચ્યાં અને પિતાએ જીવનભરની બચત ખર્ચીને અર્જુનને વિદેશ મોકલ્યો. વિદેશ પહોંચીને વધુને વધુ કમાવાની ઘેલછામાં તે દિવસરાત મહેનત કરવા લાગ્યો.

ઘણો સમય વીત્યો પણ તે ઈચ્છા હતી તેટલું ધન એકઠું નહોતો કરી શકતો.જેમ જેમ સમય વીતતો ગયો તેમ તેમ તેની મૃગતૃષ્ણા વધતી ગઈ .તે ઝાંઝવાના જળને પકડવાની દોટમાં ખોટાં રસ્તે ચઢી ગયો.એક યુવતી સાથે પરિચયમાં આવ્યો.

યુવતીએ તેને લગ્ન કરવાનાં દિવાસ્વપન બતાવ્યાં.તે દિવસ રાત તેની સાથે જ વિતાવવા લાગ્યો.તેનાં ગામથી પિતાનાં માંદગીના સમાચાર આવ્યાં તે પણ અવગણ્યા.પિતાનાં મૃત્યુ પર પણ પાછો વળ્યો નહીં. પેલી યુવતી તેને દગાથી બધું જ લૂંટીને જતી રહી.

અર્જુન ફરી શૂન્ય પર આવીને ઉભો રહ્યો. ફરી તેણે દોટ લગાવી પણ હવે તે હાંફી ગયો હતો. ત્યાં માની બિમારીના સમાચાર આવ્યાં. પાછા જવું કે ના જવું તેની અવઢવમાં હતો. આખરે તે થાકીને પાછો ફર્યો. ઘરે પહોંચ્યો ત્યારે મા તેની રાહ જોતી હતી.

અર્જુન માને ભેટીને ખૂબ રડ્યો. મા બરડે હાથ પસવારતી રહી . બિમાર હોવા છતાં દીકરા માટે તેનું ભાવતું રીંગણ બટેકાનું શાક, બાજરીના રોટલા અને માખણ પીરસીને પોતાના હાથથી અર્જુનને ખવડાવવાં લાગી. અર્જુનની આંખ ફરી એકવાર ઉભરાઇ ગઈ.તેને આજે કેટલાય વરસ પછી તૃપ્તિનાં ઓડકાર આવ્યાં.

ફળીયામાં ખુલ્લા આકાશ નીચે ખાટલામાં સુતેલો અર્જુન આકાશ ભણી મીટ માંડી વિચારી રહ્યો હતો. તૃષ્ણાઓ પાછળ દોડી દોડીને આખરે મેં મેળવ્યું શું? દોડ દોડ કરીને એકઠું કરેલું પણ ખોટી સોબતમાં ગુમાવ્યું .પિતાના અંતિમ સમયે તેમને મળી ના શક્યો.અત્યાર સુધી તૃષ્ણાઓનાં વંટોળમાં વિંઝાળાતો રહ્યો અને ધનની પાછળ ભાગતો રહ્યો ત્યારે હવે સમજાયું કે ખરી તૃપ્તિ તો માનાં હાથનાં રોટલામાં જ છે.

હેતલ પટેલ (નિજાનંદી)
અમદાવાદ.

---

NOG SS N0 : 089
વિષય : તૃષ્ણા અને તૃપ્તિ
પ્રકાર : .ગદ્ય
શીર્ષક જીવનની સરગમ
લેખક પ્રવિણા કડકિઆ

પહેલી નજરે જણાશે બંનેની રાશિ તુલા છે. કિંતુ અર્થમાં આસમાન અને
જમીનનો તફાવત છે. એક સિક્કાની બે બાજુ જે સંગે તો હોય, પણ
મિલન અશક્ય ! એક નદીના બે કિનારા સાથે વહે, નિહાળે મિલનનું
ભાગ્ય નહીં !
સર્જનહારે માનવ ઘડી હાથ ધોઈ નાખ્યા છે. એણે ક્યારેય આરામ વિશે
વિચાર્યું નથી. ખબર નહીં એનો ઈરાદો શું છે ? તેને જ ખબર છે. અધુરામાં
પૂરું તૃષ્ણા અને તૃપ્તિ નામના મસાલા ઉમેર્યા. બસ, હે માનવ તું જન્મ ધર્યો
ત્યારથી ગોળ ગોળ ફરતો રહે.
તૃષ્ણા ક્યારેય સંતોષાતી નથી. તૃપ્તિને કોઈ ફરિયાદ નથી ! તૃષ્ણા
આવેગ જન્ય છે. તૃપ્તિ સંયમ અને સજાગ છે.
તૃષ્ણા વગર તૃપ્તિનો સ્વાદ કેવી રીતે માણશો ? તૃપ્તિ હોય ત્યાં તૃષ્ણા એક
પલ પણ ન ટકી શકે. જીવન આ બેની વચ્ચે ઝોલાં ખાય છે. એમની વચ્ચે
સમન્વય જાળવવો કઠિન છે. નામુમકિન નથી !
ભલભલા રાજા મહારાજા, જોગી કે સાધુ તેમના પર અંકુશ પામવામાં
નાકામયાબ રહ્યા છે. બેસુમાર જંગ ખેલાયા છે. અરે સ્ત્રીની ઈજ્જત અને
તેનું શીલ દાવમાં મુકાયું છે.
તૃષ્ણાની જાળમાં ફસાયા, બરબાદી તેમને આવકારશે. ચેતીને ચાલશો ! ખબર છે
તૃષ્ણા ઉંમર, જાત, પૈસો કે દેખાવ બધાથી પર છે. તેનું સામ્રાજ્ય ચારેકોર ફૂલ્યું ફાલ્યું છે
તેની ચુંગાલમાં ફસાયા પછી 'અભિમન્યુના કોઠાની જેમ બહાર નીકળવું શક્ય નથી.
એ તો પેલા વીરલા કરી શકે જે સામી છાતીએ મધદરિયે તરવાનું જાણતા હોય. તેની
આંખો પરનો પડદો પડેલો નહીં ઝપકતો હોય !
તૃષ્ણા વગર જીવનમાં હોવું લગભગ અશક્ય છે. તૃષ્ણા છે જે જીવનમાં ઉલ્લાસ ભરે છે.
સાથે સાથે કાવાદાવા પણ ઘસડે છે. એ વખતે માનવીનો સંયમ વહારે ધાયો. તૃષ્ણા
પાછળ આંધળી દોટ માનવીને દુ:ખની ગર્તામાં ધકેલવા શક્તિમાન છે.
એ સમયે તૃપ્તિ આવીને ઉંઘમાંથી જગાડે છે. સચેત બનાવે છે. ભય સ્થાન દર્શાવે
છે. કિંતુ સ્વાર્થમાં અંધ બનેલો માનવી એ અંતરના સાદને અવગણે છે. તૃષ્ણાની
પાછળ પાગલ થઈ દોડે છે. જ્યારે ભાન થાય છે ત્યારે ખૂબ મોડું થઈ ગયું હોય છે.
તૃપ્તિ જ્યારે સંતોષનો ઓડકાર ખાય છે ત્યારે સ્વર્ગ ઢુંકડું જણાય છે.
તૃપ્તિ પામવી આસાન નથી. સતત પ્રયત્નશીલ રહેવું પડે. તે જ્યારે અનુભવાય ત્યારે
તેનો સંગ માણવો રહ્યો. જો ૧૦૦ ટકા તેને નહી આપો તો એ હાથ તાળી દઈને છટકી
જશે. આ તમારું જીવન છે, નક્કી તમારે કરવાનું. સિક્કો ઉછાળો, નહી ચાલે ! કોના
પર કળશ ઉંડેલશો.
તૃષ્ણાને આવકારી જીવનભર દોડધામ કરવી છે કે પછી તૃપ્તિના સંગમાં જીવનની હર
પળને માણવી છે. છેલ્લે ખાસ કહીશ,તૃપ્તિ નામ વાળી બેથી ત્રણ વ્યક્તિને ઓળખું છું.
ક્યારેય તૃપ્ત જણાઈ નથી . તેમની તૃષ્ણાને કાયમ અલ્પ વિરામ સાંપડે છે. પૂર્ણવિરામ
નહીં.
પ્રવિણા કડકિઆ..હ્યુસ્ટન

---

### ડેઈલી માર્કેટ રિપોર્ટ

# નવા વર્ષનાં કામકાજના પ્રારંભે સોના-ચાંદી, ક્રૂડ તેલના વાયદાના ભાવમાં સુધારાનો સંચાર

## નેચરલ ગેસમાં નરમાઈઃ મેન્થા તેલમાં વૃદ્ધિઃ પ્રથમ સત્ર સુધીમાં કોમોડિટી વાયદાઓમાં રૂ.૨૩૦૨ કરોડ અને ઓપ્શન્સમાં રૂ.૩૮૦૨ કરોડનું ટર્નઓવર : બુલડેક્સ વાયદામાં રૂ.૧૦ કરોડનાં કામકાજ

મુંબઈઃ દેશના અગ્રણી કોમોડિટી ડેરિવેટિવ્ઝ એક્સચેન્જ એમસીએક્સ પર વિવિધ કોમોડિટી વાયદા, ઓપ્શન્સ અને ઈન્ડેક્સ ફ્યુચર્સમાં સોમવારે પ્રથમ સત્ર સુધીમાં ૮૩,૭૦૦ સોદાઓમાં કુલ રૂ.૬,૧૧૩.૯૫ કરોડનું ટર્નઓવર નોંધાયું હતું, જેમાં કોમોડિટી વાયદાનાં કામકાજનો હિસ્સો રૂ.૨૩૦૧.૭૭ કરોડનો અને ઓપ્શન્સનો હિસ્સો રૂ.૩૮૦૨.૩ કરોડનો હતો.

કીમતી ધાતુઓના વાયદાઓમાં સોના-ચાંદીમાં એમસીએક્સ પર ૨૭,૬૨૧ સોદાઓમાં કુલ રૂ.૧,૪૭૬.૭૪ કરોડનાં કામકાજ થયાં હતાં. સોનાના વાયદાઓમાં એમસીએક્સ સોનું ફેબ્રુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૫૫,૦૫૨ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૫૫,૨૦૦ અને નીચામાં રૂ.૫૫,૦૪૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૪૫ વધી રૂ.૫૫,૧૬૨ના ભાવે પહોંચ્યો હતો. આ સામે ગોલ્ડ-ગિની જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૮ ગ્રામદીઠ રૂ.૩૮ વધી રૂ.૪૩,૭૬૮ અને ગોલ્ડ-પેટલ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ ગ્રામદીઠ રૂ.૧૧ વધી રૂ.૫,૪૫૦ના ભાવે પહોંચ્યો હતો. સોનું-મિની જાન્યુઆરી વાયદો ૧૦ ગ્રામદીઠ રૂ.૫૪,૯૦૦ના ભાવે ખૂલી, રૂ.૧૯૫ વધી રૂ.૫૪,૯૭૪ના સ્તરે પહોંચ્યો હતો. ચાંદીના વાયદાઓમાં ચાંદી માર્ચ વાયદો ૧ કિલોદીઠ સત્રની શરૂઆતમાં રૂ.૬૯,૫૦૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬૯,૬૮૦ અને નીચામાં રૂ.૬૯,૪૩૩ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં રૂ.૧૬૫ વધી રૂ.૬૯,૫૭૮ ના સ્તરે બોલાઈ રહ્યો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૮૯ વધી રૂ.૬૯,૫૫૧ અને ચાંદી-માઈક્રો ફેબ્રુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૧૮૬ વધી રૂ.૬૯,૫૩૮ બોલાઈ રહ્યો હતો. બિનલોહ ધાતુઓના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૨,૩૯૦ સોદાઓમાં રૂ.૩૮૦.૧૧ કરોડના વેપાર થયા હતા. એલ્યુમિનિયમ જાન્યુઆરી વાયદો ૧ કિલોદીઠ રૂ.૦.૬૦ વધી રૂ.૨૦૯.૧૦ અને જસત જાન્યુઆરી વાયદો રૂ.૨.૦૫ વધી રૂ.૨૭૦ના ભાવ થયા હતા. આ સામે તાંબુ જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૨.૬૫ વધી રૂ.૭૨૧.૩૫ તેમ જ સીસું જાન્યુઆરી કોન્ટ્રેક્ટ રૂ.૦.૨૫ વધી રૂ.૧૮૯ના ભાવ થયા હતા. એનર્જી સેગમેન્ટના વાયદાઓમાં એમસીએક્સ પર ૭,૩૧૨ સોદાઓમાં કુલ રૂ.૪૪૦.૧૭ કરોડનો ધંધો થયો હતો. ક્રૂડ તેલ જાન્યુઆરી વાયદો સત્રની શરૂઆતમાં રૂ.૬,૫૯૩ના ભાવે ખૂલી, દિવસ દરમિયાન ઉપરમાં રૂ.૬,૬૩૫ અને નીચામાં રૂ.૬,૫૮૦ ના મથાળે અથડાઈ, પ્રથમ સત્ર સુધીમાં ૧ બેરલદીઠ રૂ.૪૨ વધી રૂ.૬,૫૯૭ બોલાયો હતો, જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી વાયદો ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૩.૨૦ ઘટી રૂ.૩૭૪.૬૦ બોલાઈ રહ્યો હતો.

કૃષિ કોમોડિટીઝના વાયદાઓમાં એમસીએક્સ ખાતે ૧૨૪ સોદાઓમાં રૂ.૪.૭૫ કરોડનાં કામકાજ થયા હતા. મેન્થા તેલના વાયદાઓમાં જાન્યુઆરી કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૯.૯૦ વધી રૂ.૧૦૨૩.૯૦ થયો હતો.

કામકાજની દૃષ્ટિએ એમસીએક્સ પર કીમતી ધાતુઓમાં સોનાના વિવિધ વાયદાઓમાં રૂ.૭૨૦.૩૯ કરોડનાં ૧,૩૦૬.૬૭૪ કિલો અને ચાદીના વિવિધ વાયદાઓમાં કુલ રૂ.૭૫૬.૩૫ કરોડનાં ૧૦૮.૬૦૧ ટનના વેપાર થયા હતા. એનર્જી સેગમેન્ટમાં ક્રૂડ તેલના વાયદાઓમાં રૂ.૨૩૦.૪૩ કરોડનાં ૩,૪૮,૬૦૦ બેરલ અને નેચરલ ગેસના વાયદાઓમાં રૂ.૨૧૦ કરોડનાં ૫૬૫૧૨૫૦ એમએમબીટીયૂનો ધંધો થયો હતો. કૃષિ કોમોડિટીઝમાં મેન્થા તેલના વાયદાઓમાં રૂ.૪.૭૫ કરોડનાં ૪૬.૪૪ ટનના વેપાર થયા હતા.

ઓપન ઈન્ટરેસ્ટ પ્રથમ સત્રનાં અંતે એમસીએક્સ પર સોનાના વિવિધ વાયદાઓમાં ૧૯,૪૩૩.૨૬૬ કિલો અને ચાંદીના વિવિધ વાયદાઓમાં ૭૭૬.૩૧૦ ટન, ક્રૂડ તેલમાં ૬૫૩૪૦૦ બેરલ અને નેચરલ ગેસમાં ૩૯૧૬૭૫૦૦ એમએમબીટીયૂ તેમ જ મેન્થા તેલમાં ૪૬૨.૬ ટનના સ્તરે રહ્યો હતો.

ઈન્ડેક્સ ફ્યુચર્સની વાત કરીએ તો, એમસીએક્સ પર પ્રથમ સત્ર સુધીમાં બુલડેક્સ વાયદામાં રૂ.૯.૮૮ કરોડનાં ૧૨૮ લોટ્સ ના વેપાર થયા હતા. બુલડેક્સ જાન્યુઆરી વાયદો ૧૫,૪૨૮ના સ્તરે ખૂલી, ૩૫ પોઈન્ટ વધી ૧૫,૪૩૯ના સ્તરે હતો.

ઓપ્શન્સની વાત કરીએ તો, કોમોડિટી વાયદા પરના ઓપ્શન્સમાં એમસીએક્સ પર રૂ.૩,૮૦૨.૩૦ કરોડનું નોશનલ ટર્નઓવર નોંધાયું હતું. સોનું તથા સોનું-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨૪૯.૯૩ કરોડ, ચાંદી તથા ચાંદી-મિનીના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૪૫.૬૪ કરોડનાં કામ થયાં હતાં. એનર્જી સેગમેન્ટના ઓપ્શન્સમાં ક્રૂડ તેલના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૨,૮૧૧.૭૮ કરોડ અને નેચરલ ગેસના કોલ અને પુટ ઓપ્શન્સમાં રૂ.૬૯૪.૭૬ કરોડનાં કામકાજ થયાં હતાં. આ સામે ઓપ્શન્સમાં કુલ પ્રીમિયમ રૂ.૧૦૪.૫૧ કરોડનું થયું હતું. સૌથી વધુ સક્રિય કોન્ટ્રેક્ટ્સમાં ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૬૫.૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૬૯ અને નીચામાં રૂ.૨૪૧ રહી, અંતે રૂ.૧૮.૩૦ વધી રૂ.૨૫૭.૧૦ થયો હતો. જ્યારે નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૪૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૭૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૭.૨૦ અને નીચામાં રૂ.૨૪.૬૦ રહી, અંતે રૂ.૧.૨૫ ઘટી રૂ.૨૬.૫૦ થયો હતો. સોનું જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૯૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૯.૫૦ અને નીચામાં રૂ.૧૮૨ રહી, અંતે રૂ.૨૭.૫૦ વધી રૂ.૨૧૭ થયો હતો. સોનું-મિની જાન્યુઆરી રૂ.૫૬,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૧૬૨.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૧૮ અને નીચામાં રૂ.૧૬૨.૫૦ રહી, અંતે રૂ.૫૫ વધી રૂ.૨૧૩.૫૦ થયો હતો. ચાંદી ફેબ્રુઆરી રૂ.૭૦,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો કોલ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૨,૦૨૧ ખૂલી, ઉપરમાં રૂ.૨,૧૮૦ અને નીચામાં રૂ.૨,૦૨૧ રહી, અંતે રૂ.૧૩.૫૦ ઘટી રૂ.૨,૧૩૯ થયો હતો.

આ સામે પુટ ઓપ્શન્સની વાત કરીએ તો ક્રૂડ તેલ જાન્યુઆરી રૂ.૬,૬૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ બેરલદીઠ રૂ.૨૫૦.૬૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૭૨ અને નીચામાં રૂ.૨૨૬.૮૦ રહી, અંતે રૂ.૧૭.૭૦ ઘટી રૂ.૨૬૧ થયો હતો.

જ્યારે સોનું જાન્યુઆરી રૂ.૫૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧૦ ગ્રામદીઠ રૂ.૫૨૫ ખૂલી, ઉપરમાં રૂ.૫૨૫ અને નીચામાં રૂ.૪૬૬ રહી, અંતે રૂ.૪૧ ઘટી રૂ.૪૮૩.૫૦ થયો હતો. નેચરલ ગેસ જાન્યુઆરી રૂ.૩૫૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ એમએમબીટીયૂદીઠ રૂ.૨૫.૫૦ ખૂલી, ઉપરમાં રૂ.૨૫.૫૦ અને નીચામાં રૂ.૨૨.૧૫ રહી, અંતે રૂ.૦.૮૫ વધી રૂ.૨૨.૯૦ થયો હતો. ચાંદી-મિની ફેબ્રુઆરી રૂ.૬૫,૦૦૦ની સ્ટ્રાઈક પ્રાઈસવાળો પુટ ઓપ્શન્સ કોન્ટ્રેક્ટ ૧ કિલોદીઠ રૂ.૮૩૫ ખૂલી, ઉપરમાં રૂ.૮૩૫ અને નીચામાં રૂ.૭૫૦ રહી, અંતે રૂ.૧૧૭ ઘટી રૂ.૭૮૦.૫૦ થયો હતો.

---

★લગ્નની બાબત નક્કી કરવા માટે યુવક અને યુવતી માટે રાશિ પ્રમાણે સ્થળ નક્કી કરો.★

★આચાર્ય તેજસ મહેતા જ્યોતિષ

★મેષ ~ લગ્નના ઘરમાં તુલા રાશિ હોવાને કારણે આ લગ્નના લોકોએ લગ્નની વાતો માટે કોઈ પ્રવાસી અથવા મનોરંજન સ્થળ પસંદ કરવું જોઈએ. સંબંધીનું સ્વચ્છ અને વ્યવસ્થિત ઘર પણ સારું રહેશે.★

★વૃષભ રાશિ ~ લગ્નના ઘરમાં વૃશ્ચિક રાશિના કારણે તેઓએ લગ્નની વાતો માટે હોટલ, ગેસ્ટ હાઉસ અથવા અન્ય કોઈ મહત્વપૂર્ણ મકાન પસંદ કરવું જોઈએ.★

★મિથુન રાશિ ~ લગ્નના ઘરમાં ધનુ રાશિ હોવાથી આ રાશિના જાતકોએ લગ્નની વાતો માટે મંદિર કે ધાર્મિક સ્થળની પસંદગી કરવી જોઈએ.★

★કર્ક રાશિ ~ લગ્ન ગૃહમાં મકર રાશિ હોવાથી તેઓએ લગ્નની વાતો માટે પ્રાચીન ઈમારત પસંદ કરવી જોઈએ.★

★સિંહ રાશિ~ કુંભ લગ્નના ઘરમાં હોવાથી તેઓએ લગ્નની વાતો માટે કોઈ પ્રખ્યાત અને પ્રાચીન સ્થળ પસંદ કરવું જોઈએ.★

★કન્યા લગ્ન~ મીન લગ્નના ઘરમાં હોવાને કારણે તેમણે લગ્નની વાતો માટે મંદિર કે ધાર્મિક સ્થળની પસંદગી કરવી જોઈએ.★

★તુલા રાશિ ~ લગ્નના ઘરમાં મેષ રાશિની હાજરીને કારણે પરિવારના સભ્યનું ઘર તેમના માટે લગ્નની વાતો માટે યોગ્ય છે. આ સિવાય તમે કોઈપણ હોટેલ, ગેસ્ટ હાઉસ અથવા ધર્મશાળા પસંદ કરી શકો છો.★

★વૃશ્ચિક રાશિ ~ લગ્નના ઘરમાં વૃષભ હોવાથી આ રાશિના જાતકોએ લગ્નની વાતો કરવા માટે કોઈ મનોરંજન સ્થળ, પાર્ક અથવા પર્યટન સ્થળ પસંદ કરવું જોઈએ★.

★ધનુરાશિ ~ લગ્નના ઘરમાં મિથુન રાશિ હોવાને કારણે લગ્નની વાતો માટે બગીચો, બગીચો કે લીલીછમ જગ્યા જેવી કુદરતી સૌંદર્ય ધરાવતી જગ્યા પસંદ કરવી જોઈએ.★

★મકર રાશિ ~ લગ્નના ઘરમાં કર્ક રાશિ હોવાને કારણે લગ્નની વાતો માટે નદી કે તળાવ પાસેની જગ્યા પસંદ કરવી જોઈએ.★

★કુંભ ~ લગ્નના ઘરમાં સિંહ રાશિ હોવાને કારણે આ રાશિના લોકોએ લગ્નની વાટાઘાટો માટે પ્રખ્યાત અને પ્રતિષ્ઠિત સ્થળની પસંદગી કરવી જોઈએ.★

★મીન ~ કન્યા લગ્નના ઘરમાં હોવાથી કુદરતી સૌંદર્ય ધરાવતું સ્થળ અથવા મિત્ર કે સંબંધીનું ઘર લગ્નની વાતો માટે યોગ્ય છે.★

---

## કોરાનાના ૧૭૫ નવા કેસો

નવીદિલ્હી,તા.૪ : દેશમાં છેલ્લા ૨૪ કલાકમાં ૧૭૫ નવા કેસ નોંધાયા છે. છેલ્લા ૨૪ કલાકમાં કોરોનાને લીધે કોઈનું મોત થયું નથી. દેશમાં કોવિડ૧૯ના ઠમ્.૧.૫ વેરિયેન્ટના પાંચ કેસ મળ્યા છે, જેમાં ત્રણ કેસ ગુજરાતમાં, એક કર્ણાટકમાં અને એક કેસ રાજસ્થાનમાં મળી આવ્યો છે. દેશમાં અત્યાર સુધીમાં ૨૨૦.૧૧ કરોડથી વધુ રસીના ડોઝ આપવામાં આવી ચૂક્યા છે.દેશમાં અત્યાર સુધીમાં ૪,૪૬,૭૯,૧૩૧ લાખ લોકો સંક્રમિત થઈ ચૂક્યા છે, એમ મંત્રાલયે જણાવ્યું હતું.

દેશમાં અત્યાર સુધી ૫,૩૦,૭૦૭ લોકોનાં મોત થયાં છે. દેશમાં અત્યાર સુધી આ ખતરનાક બીમારીને ૪,૪૧,૪૫,૮૫૪ લોકો માત આપી ચૂક્યા છે. પાછલા ૨૪ કલાકમાં ૧૮૭ લોકો કોરોના સંક્રમણથી ઠીક થયા દેશમાં કુલ સક્રિય લોકોની સંખ્યા ૨૫૭૦એ પહોંચી છે. જેથી કોરોનાથી સંક્રમિત થવાની શક્યતા ૦.૦૧ ટકા છે. દેશમાં હાલ રિકવરી રેટ વધીને ૯૮.૮૦ ટકાએ છે, જ્યારે મૃત્યુદર ઘટીને ૧.૧૯ ટકા થયો છે, એમ આરોગ્ય મંત્રાલયે માહિતી આપી હતી.

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયના આંકડા ગઈ કાલે ૨,૦૧,૬૯૦ લોકોનાં સેમ્પલનાં ટેસ્ટિંગ થયાં છે. દેશમાં અત્યાર સુધી ૯૧.૫૬ કરોડ કોરોનાના ટેસ્ટ કરવામાં આવ્યા છે. દેશમાં દૈનિક પોઝિટિવિટી રેટ ૦.૦૯ ટકા છે. સાપ્તાહિક સંક્રમણ દર ૦.૧૩ ટકા છે.દેશમાં અત્યાર સુધીમાં ૨,૨૦,૧૧,૭૧,૯૩૪ કરોડ કોરોનાની રસી આપવામાં આવી ચૂકી છે.

# ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ મહર્ષિ કર્વે ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ કેમ્પસની પૂણે ખાતે મુલાકાત લીધી

### મુલાકાત દરમ્યાન ગાય આધારિત ગ્રામીણ અર્થવ્યવસ્થા, ગાંધીવાદી મોડેલ જેવા વિષયો પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી

પૂણે પ્રવાસ દરમિયાન રાષ્ટ્રીય કામધેનુ આયોગના પૂર્વ અધ્યક્ષ ,પૂર્વ કેન્દ્રીય મંત્રી ડૉ. વલ્લભભાઈ કથીરિયા એ મહર્ષિ કર્વે ઈન્સ્ટિટ્યૂટ ઑફ સોશિયલ સાયન્સ કેમ્પસની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમ્યાન તેમણે ગ્રામીણ વિકાસ, શિક્ષણ, કૃષિ અને યુવા રોજગાર, સ્ટાર્ટઅપ અને ઉદ્યોગોના સીએસઆરનો ઉપયોગ જેવા વિવિધ પાસાઓ પર સંસ્થાના ડિરેક્ટર ટ્રસ્ટી મધુકર પાઠકજી અને સેક્રેટરી શિવકુમારજી સાથે ચર્ચા કરી હતી. તેમણે ગાંધીવાદી મોડેલ પર, સંસ્થા દ્વારા ચાલી રહેલા બાળકો માટે MRS (માસ્ટર ઓફ રૂરલ સ્ટડીઝ)નાં કાર્યક્રમ અંગે પ્રશંસા વ્યક્ત કરી હતી. વધુમાં, તેમણે મધુકર પાઠકજી અને



શિવકુમારજી સાથે ગાય આધારિત ગ્રામીણ અર્થવ્યવસ્થાને ધ્યાનમાં રાખીને, ખેડૂતોને દરેક ઘરમાં ગાય અને દરેક ખેડૂત પાસે બળદ આપવા અને સજીવ ખેતીને પ્રોત્સાહન આપવા અંગે ચર્ચા કરી હતી. ડૉ. પાઠક અને ડૉ. ગીતાંજલિ હોસુરકર, રમણીકભાઈ અને ડૉ. હર્ષભાઈ પણ આ ચર્ચામાં જોડાયા હતા.

# કોંગ્રેસ હાઈકમાન્ડે ગુજરાતમાં પરાજયના કારણો શોધવા ૩ સભ્યોની સત્ય શોધક કમિટી રચી



અમદાવાદ,તા.૪

ગુજરાત વિધાનસભાની ચૂંટણીમાં ભાજપે આ વખતે પૂર્વ મુખ્યમંત્રી માધવસિંહ સોલંકીનો રેકોર્ડ તોડી નાંખ્યો છે. ભાજપે આ વખતે ૧૫૭ બેઠકો જીતીને એક નવો કિર્તિમાન સ્થાપિત કર્યો છે. ત્યારે કોંગ્રેસનો આ વખતનો પરાજય સૌથી ખરાબ પરાજય ગણાયો છે. જે કોંગ્રેસ છેલ્લા ૨૭ વર્ષથી ૫૦થી વધુ બેઠકો પર જીત મેળવતી હતી. તે કોંગ્રેસ ૨૦૧૭માં ૮૦ બેઠકો સુધી પહોંચી ગઈ હતી. પરંતુ આ વખતે કોંગ્રેસની માત્ર ૧૭ બેઠકો આવતાં જ હાઈકમાન્ડ ખૂબજ નારાજ થયો છે. આ વખતના પરિણામોને લઈને કોંગ્રેસ દ્વારા મંથન કરવામાં આવશે. આ માટે કોંગ્રેસે ૩ સભ્યોની સત્ય શોધક સમિતીનું ગઠન કર્યું છે. તે ઉપરાંત આ કમિટી ચૂંટણીના પરિણામોના કારણોની સાતત્યતા પણ ચકાસશે.કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રમુખ મલ્લાર્જુન ખડગેએ ગુજરાતના પરાજય બાદ સત્ય શોધક કમિટીની રચના કરી છે. જેમાં ત્રણ સભ્યોની કમિટી બનાવવામાં આવી છે. આ કમિટીના ચેરમેન તરીકે નીતિન રાઉત, ડો. શકિલ અહેમદ ખાન તથા સપ્તગિરી શંકર ઉલાકાની સભ્ય તરીકે નિમણુંક કરાઈ છે. આ કમિટી કોંગ્રેસ પ્રમુખને ગુજરાતની હારના કારણો અને પરિણામો અંગેનો રીપોર્ટ એક સપ્તાહમાં સોંપશે. ત્યાર બાદ કોંગ્રેસનો હાઈકમાન્ડ ગુજરાતમાં સંગઠનમાં મોટો ફેરફાર કરે તેવી શક્યતાઓ સેવાઈ રહી છે. કાંકરેજના ચાંગા ગામે ધારાસભ્ય અમૃતજી ઠાકોરનો ઋણ સ્વીકાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કોંગ્રેસના પ્રદેશ અધ્યક્ષ જગદીશ ઠાકોર સહિત કોંગ્રેસ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ગેનીબેન ઠાકોરે ભાજપની સ્ટ્રેટેજીના વખાણ કર્યા હતાં. તેમણે કોંગ્રેસ પર કટાક્ષ કરતા કહ્યું હતું કે, કોંગ્રેસના આગેવાનો-નેતાઓ અમે બધા, છઝવાળી કારના કાચ ખોલવા નથી. પક્ષના એક પણ વ્યક્તિએ પરિશ્રમ નથી કરવો. આ ભાજપવાળા વહીવટી તંત્રનો દુરુપયોગ કરે. પૈસા સામ,દામ, દંડ, ભેદ બધાનો ઉપયોગ કરે છે પણ એ લોકો ખરેખર મહેનત કરે છે. તમે ભાજપની સ્ટ્રેટેજી જુઓ આખી સરકાર બદલાઈ જાય પણ કોઈ અવાજ ના કરે. ટિકિટ જેની જેટલી કાપવી હોય તેટલી કાપી નાંખે. આપણે તો હવે હજુ કાંઈ વધ્યું જ નથી, તો હવે શેના ભાગ પાડવાના રહી ગયા એ જ ખબર પડતી નથી.

# ગુજરાત વિધાનસભામાં રજુ કરેલ આંકડા ૨૦૨૦ અને ૨૦૨૧ બે વર્ષમાં ૩૭૯૬ બળાત્કાર અને ૬૧ સામુહિક બળાત્કારના ગુન્હાઓ નોંધાયા હતા

**લોકસભામાં રજુ કરેલ આંકડા ૨૦૨૦ અને ૨૦૨૧ બે વર્ષમાં ૧૦૭૫ બળાત્કાર અને ૩૫ સામુહિક બળાત્કારના ગુન્હાઓ નોંધાયા હતા.**

**ખોટા આંકડા કોના રાજ્ય સરકારના કે કેન્દ્ર સરકાર ? ભાજપ જવાબ આપે?**

**ખોટા આંકડા આપનાર ગુજરાતનું ગૃહ વિભાગ કે કેન્દ્રનું ગૃહ વિભાગ ? આંકડાઓની વિસંગતતા ઉપર સરકાર ખુલાસો કરે. ખોટા આંકડા આપનાર આપનાર સામે કાર્યવાહી થવી જોઈએ.**

આજ રોજ રાજીવ ગાંધી ભવન ખાતે પત્રકારોને સંબોધન કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ પ્રવકતાશ્રી પાર્થિવરાજસિંહ કઠવાડીયાએ 'બેટી બચાવો'ના નારાની સુફિયાણી વાતો કરતી કેન્દ્રની અને ગુજરાતની ભાજપ સરકારના વિધાનસભા અને લોકસભામાં રજુ કરેલ બળાત્કાર અને સામૂહિક બળાત્કારના આંકડાઓમાં વિસંગતાઓનો ચોકાવનારો ખુલાસો થાય છે. ગુજરાત રાજ્યની વિધાનસભામાં તારીખ ૧૦ માર્ચ ૨૦૨૨ના રોજ પુછાયેલ સવાલના જવાબમાં ગુજરાત રાજ્યના ગૃહ વિભાગ દ્વારા અને ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા રજુ કરેલ જવાબમાં વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ ના બે વર્ષ દરમ્યાન રાજ્યમાં ૩૭૯૬ બલાત્કાર અને ૬૧ સામુહિક બળાત્કારના ગુન્હાઓ નોંધાયા હતા તેમ વિધાનસભાના ગૃહમાં રજુ કરેલ હતો. જ્યારે તારીખ ૨૦ ડિસેમ્બર ૨૦૨૨ના રોજ લોકસભામાં પુછાયેલ સવાલના જવાબમાં કેન્દ્ર સરકારના ગૃહ વિભાગ અને ગૃહમંત્રી અમિત શાહ દ્વારા ગુજરાત રાજ્યમાં નોંધાયેલા બળાત્કાર અને સામૂહિક બળાત્કારના આંકડા રજૂ કરવામાં આવ્યા હતા. લોકસભામાં દર્શાવેલ આંકડા પ્રમાણે વર્ષ ૨૦૨૦ અને ૨૦૨૧ દરમિયાન બે વર્ષમાં ૧૦૭૫ બળાત્કાર અને સામૂહિક બળાત્કારના ૩૫ ગુન્હા નોંધાયા હતા. લોકસભામાં કેન્દ્રની સરકાર દ્વારા ૨૦૨૦ અને ૨૦૨૧ના બે વર્ષની બળાત્કારના ૨૭૨૧ અને સામૂહિક બળાત્કારના ૨૬ ગુન્હા, ગુજરાત વિધાનસભા કરતાં ઓછા દર્શાવવામાં આવ્યા છે.

વિધાનસભા અને લોકસભામાં ગુજરાતમાં બનેલ બળાત્કાર અને સામૂહિક બળાત્કારના ગુન્હાના આંકડાની વિસંગતતા દર્શાવે છે કે કેન્દ્રની સરકાર અથવા ગુજરાતની સરકારમાંથી કોઈ એક જૂઠું બોલી રહ્યા છે. ભરોસાની સરકારની વાતો કરતી ભાજપ જુઠાણું ચલાવતી હોય ત્યારે ગુજરાત અને દેશના નાગરિકને ખોટા આંકડાથી ભરોષો ક્યાં થી બેસે? ભાજપ નક્કી કરે કે ગુજરાત રાજ્યના ગૃહ મંત્રી હર્ષ સંઘવી વિધાનસભા એ વિધાનસભામાં ખોટા આંકડા દર્શાવ્યા છે કે દેશના ગૃહમંત્રી અમિતભાઈ શાહએ લોકસભામાં ખોટા આંકડા દર્શાવ્યા છે ? કેન્દ્ર અને ગુજરાતના ગૃહ વિભાગમાંથી એક જેણે ખોટા આંકડા આપ્યાં હોય તેમની ઉપર કાર્યવાહી થવી જોઈએ. નૈતિકતાના આધારે વિધાનસભા કે લોકસભામાં ખોટા આંકડા આપનાર ગૃહમંત્રીએ તાત્કાલિક રાજીનામું આપવું જોઈએ. વિધાનસભા હોય કે લોકસભા હોય જો ખોટા આંકડા દર્શાવવામાં આવે તો દેશના નાગરિકોને લોકતંત્ર ઉપરથી વિશ્વાસ ઉઠી જશે અને સરકાર ઉપરથી ભરોસો ઉઠી જશે. આંકડા છુપાવવાનું રાજકારણ શું કામ ? કોણ જુઠ્ઠુ બોલી રહ્યું છે અને કોણ સત્ય બોલી રહ્યું છે તે ગુજરાત અને દેશની જનતા જાણવા માંગે છે. સરકાર ખુલાસો આપે કે સાચા આંકડા વિધાનસભાના કે લોકસભાના ?

# સેવાકાર્ય ની પ્રેરણા માંથી પ્રેરણા મેળવતી હિમાની જે પ્રજાપતિ





અબોલ જીવ સેવા ના ભેખધારી નારી રત્ન ઈન્દુ પ્રજાપતિ જે છેલ્લા છ વર્ષથી અબોલ જીવ સેવા નું કાર્ય કરી રહ્યા છે એ સેવા યજ્ઞ ને જોઈ પ્રજાપતિ સમાજ ની દિકરી હિમાની જે પ્રજાપતિ એ પણ અબોલ ની સેવા કરવાનો નિર્ણય લીધો વ્યવસાયે શિક્ષક એવા હિમાની પ્રજાપતિ અમદાવાદ ન્યુ રાણીપ માં રહે છે અને અબોલ જીવ ની રોજેરોજ સેવા કરે છે જેમાં શ્રવાન અને શ્રવાન નાં બચ્ચાં ને દુધ ખોરાક જંગલ માં રહેતા કપિરાજ ને ભોજન ગાયમાતા ને નિરણ પક્ષીઓ ને ચણ આપી રોજે રોજ સેવાકરે છે સાથે સાથે શેરીમાં રહેતા શ્રવાન ને ઠંડીમાં કંતાન ના કોથળા નાખી ઠંડી થીં બચાવે છે હિમાની પ્રજાપતિ એ જણાવ્યું કે મનુષ્ય તો માંગી ને પણ પેટનો ખાડો પૂરી લેતો હોય છે પણ આ અબોલ જીવોની સેવા કરવી એ આપણો મનુષ્ય ધર્મ છે એટલે અબોલ જીવ ની સેવા પોતાની આવકમાંથી કરું છું.....

અને બીજા વયકિત?ઓ ને પણ પ્રેરણા આપું છું.....

રીપોર્ટ.... હિરેન પ્રજાપતિ.

# પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા ૭૦મો વાર્ષિકોત્સવ નિમીત્તે ડૉકટરોના સન્માન નાભવ્ય કાર્યક્રમનું આયોજન

પ્રગતિ મિત્ર મંડળ (બોરીવલી-કાંદિવલી) દ્વારા ૭૦મો વાર્ષિકોત્સવ નિમીત્તે રવિવાર તા. ૦૮.૦૧.૨૦૨૩ રોજ સાંજે ૬ થી ૧૦ સુધી સંગીત સંધ્યા – એક પ્રયાસ ભાગ ૩તથા કોરોના કાળમાં નિર્ભયતાથી નિ:સ્વાર્થ સેવા આપનાર ડૉક્ટરોના સન્માન નાભવ્ય કાર્યક્રમનું આયોજન ભુરાભાઈ આરોગ્ય ભુવન મેદાન, શાંતીલાલ મોદી રોડ, કાંદિવલી (૫) ખાતે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે સંસ્થાડૉ. ઉમેશ ખન્ના, ડૉ. ગિરીશ ત્રિવેદી, ડૉ. મોહન ચૈનાનીનું સન્માન કરશે.તેમજ આ કાર્યક્રમ માટે ચારકોપ કાંદિવલીના વિધાન સભ્ય શ્રી યોગેશભાઈ સાગર મુખ્ય અતિથી તરીકે પધારશે.

કાર્યક્રમની રજુઆત સુપ્રસિદ્ધ સંગીત કલાકારો ચેતન ગઢવી, અલકા મંદાકીની, બીજલ દત્તાણી, પંકજ કક્કડ, પ્રિયા ચવ્હાણતથા તેમજ નવોદિત કલાકારો વૈભવ સાગર,સૌરભ ગઢવી અનેમાધવી (ત્રિવેદી) બચ્ચાણી કરશે. સંગીત સંચાલન ચેતન ઉપાધ્યાય અને નીલ પંચાલ કરશે. કાર્યક્રમનું સંચાલન મેઘા અંતાણી કરશે.

આ કાર્યક્રમ પ્રગતિ મિત્ર મંડળના કાયમી સભ્યો, નટરાજ નાટ્ય ગૃપના સભ્યો તથા આમંત્રિત મહેમાનો માટેજ છે.

પ્રગતિ મિત્ર મંડળ સામાજીક, શૈક્ષણિક, વૈદ્યકિય, અનાજ રાહત સહાય, વિશેષ યુવા અને મહિલા સશક્તિકરણ અને પર્યાવરણ જાગૃતિ અભિયાનઈત્યાદી સમાજ સેવાના કાર્યોમાં સતત કાર્યશીલ રહે છે.

# મનોદિવ્યાંગ બાળકો એ બનાવેલ હેન્ડીક્રાફ્ટ ની બનાવટ ની શોપ નુ જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી ના હસ્તે શુભારંભ

## નવજીવનહાટ એટલે

મનોદિવ્યાંગ બાળકો એ બનાવેલ હેન્ડીક્રાફ્ટ ની બનાવટ ની શોપ - જે ઠાકોર વાસ , મેમનગર ગામ..... માં આવેલી છે. નવજીવન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત મનોદિવ્યાંગ બાળકો ની શાળા માં ચાલતી વોકેશનલ ટ્રેનીંગ અંતર્ગત તૈયાર થયેલ હેન્ડીક્રાફ્ટ ની બનાવટ ની ગીફ્ટ શોપ નું આજે જીલ્લા સમાજ સુરક્ષા અધિકારી શ્રી હેતલબેને ઉદ્દઘાટન કર્યુ.



મનોદિવ્યાંગ વિદ્યાર્થીઓ એ બનાવેલ પ્રોડક્ટસ કે જે હવે બારેમાસ આ ગિફ્ટ શોપ માં વેચાશે. અમદાવાદ માં આ પ્રથમ ગિફ્ટ શોપ છે જયાં મનોદિવ્યાંગ જનોએ બનાવેલ ચીજવસ્તુઓ બારેમાસ ઉપલબ્ધ રહેશે.

નવજીવન ના ટ્રસ્ટીઓ- વિદ્યાર્થીઓ,શિક્ષકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. આ શોપ નું સંચાલન પણ સંસ્થા ના બે વિદ્યાર્થીઓ કરવા ના છે. આશા છે કે સમાજ તરફથી આ પ્રયત્નને સહકાર મલશે અને મનોદિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓ ને પ્રોત્સાહન પણ મલશે.

# શ્રી મનુભાઈ વોરા મેમોરિયલ ફાઉન્ડેશન તેમજ સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટ - રાજકોટ ? દ્વારા આયોજીત ઓપન સૌરાષ્ટ્ર - કચ્છ સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા સફળ રીતે પૂર્ણ થયો

શ્રી મનુભાઈ વોરા અને સિઝન્સ સ્કવેર ચેરીટેબલ ટ્રસ્ટ આયોજિત ઓપન સૌરાષ્ટ્ર - કચ્છ સ્વરચિત કાવ્ય પઠન સ્પર્ધા આજરોજ પૂર્ણ થઈ. ૨૧ સ્પર્ધકોને પસંદ કરવામાં આવેલ હતા તેમાંથી ૧૮ સ્પર્ધકોએ ફાઈનલ માં ભાગ લીધો હતો.

સૌ પ્રથમ શરૂઆત દીપ પ્રાગટ્ય થી કરવામાં આવી. નિર્ણાયક શ્રી સંજુભાઈ વાળા - પ્રતિષ્ઠિત કવિ, શ્રી આર.પી.જોષી - કવિ, શ્રી વસંતભાઈ જોષી - કવિ અને લેખક (આકાશવાણી રાજકોટ) તેમજ શ્રી હર્ષદ દવે દ્વારા વિજેતા જાહેર કરવામાં આવ્યા. કવિયિત્રી માં - પ્રથમ ક્રમાંક શ્રી જશુબેન બકરાણીયા, દ્વિતિય ક્રમાંક, ક્રિષ્નાબેન ગોરખા, તૃતીય ક્રમાંક મૈથિલીબેન ત્રિપાઠી તેમજ કવિ






સ્પર્ધકો માં પ્રથમ ક્રમાંક મીનુંભાઈ જસદણવાળા, દ્વિતિય ક્રમાંક શ્રી વિનોભાઈ માણેક તેમજ ત્રીતિય ક્રમાંક જયદીપભાઈ લશ્કરી ને વિજેતા જાહેર કરવામાં આવ્યા ત્યારબાદ શિલ્ડ તેમજ પ્રમાણપત્ર દ્વારા વિજેતા ને પુરસ્કાર આપવામાં આવ્યા. ઉપસ્થિત દરેક સ્પર્ધકોને પ્રમાણપત્રો દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા. શ્રી સતીષભાઈ મહેતા ના સાથ સહકાર હેઠળ સમગ્ર આયોજન શ્રી ભૂષિત શુક્લ તેમજ શ્રી જોગીન પંડ્યા દ્વારા કરવામાં આવેલ હતું. અતિથિ વિશેષ તરીકે ડો. દર્શન ભટ્ટ - કન્સલ્ટન્ટ ઓટો ન્યુરોલોજિસ્ટ,શ્રી અનુપમભાઈ દોશી - સંયોજક સાહીત્ય સેતુ - રાજકોટ, શ્રી મિત્તલભાઈ ખેતાણી - રાષ્ટ્રીય સલાહકાર તેમજ પશુપાલન મંત્રાલય ભારત સરકાર, શ્રી જશવંતભાઈ ખાખરીયા - બિઝનેસમેન દારેસલામ તાંઝાનિયા, શ્રી દિપભાઈ લોઢીયા - પ્રમુખ ઓમદરમાન ઈન્ડિયન કલબ તેમજ શ્રી શૈલેષભાઈ ટેવાણી - કવિ,લેખક,નાટ્યકાર ઉપસ્થિતી માં આભાર વિધિ સાથે સફળ રીતે કાર્યક્રમની પૂર્ણાહૂતિ કરવામાં આવી હતી. કાર્યક્રમના ઉદઘોષક તરીકે શ્રી મુનીષભાઈ ગુસાણી દ્વારા સુંદર અયોજન પાર પડ્યું હતું.

# રાજ્ય સરકારના મકાન અને માર્ગ પંચાયત અને સ્ટેટ સિંચાઈ વિભાગ ફોરેસ્ટ વિભાગ તથા નર્મદા નિગમ રજાઓ અને ગ્રેજ્યુટીની નો લાભો ચૂકવી આપવા ચુકવણી કરવામાં આવતા કામદારોમાં આનંદની લાગણી

પંચમહાલ,

રાજ્ય સરકારના મકાન અને માર્ગ પંચાયત અને સ્ટેટ સિંચાઈ વિભાગ ફોરેસ્ટ વિભાગ તથા નર્મદા નિગમ વિગેરેના ૪૦૦ કરતાં વધુ નિવૃત્ત રોજમદારોને નામદાર ગુજરાત હાઈકોર્ટ તથા નામદાર સર્વોચ્ચ અદાલત દ્વારા પંચમહાલ મહીસાગર દાહોદ તેમજ વડોદરા જિલ્લાના ૪૦૦ કરતાં વધુ કામદારોને મળવાપાત્ર ૩૦૦ રજાઓ અને ગ્રેજ્યુટીની નો લાભો ચૂકવી આપવા આખરી આદેશ થતા સરકાર દ્વારા નાણાની ચુકવણી કરવામાં આવતા કામદારોમાં આનંદની લાગણી.ગુજરાત સરકારના જુદા જુદા વિભાગો જેવા કે રોડ એન્ડ બિલ્ડિંગ પંચાયત અને સ્ટેટ ફોરેસ્ટ ઈરીગેશન( સિંચાઈ ) ડિપાર્ટમેન્ટ નર્મદા નિગમ જેવા તમામ વિભાગોમાં વર્ષોથી ખાતાકીય કામોમાં રોજમદારો તરીકે ફરજ હતા બજાવતા જેઓને સરકાર શ્રી ના જાહેર કરેલ તારીખ ૧૭/૧૦/૮૮ ના પરિપત્ર મુજબ આધારિત મળવા પાત્ર લાભો ચૂકવી આપવામાં આવતા હતા પરિપત્રમાં જણાવ્યા મુજબ ૬૦ વર્ષની ઉંમર પૂર્ણ થતા તેઓને નિવૃત કરવામાં આવ્યા હતા નિવૃત્તિ સમય સરકારના નિયત કરેલ નિયમો અનુસાર રોજમદાર ની સળંગ નોકરી ગણી મળવા પાત્ર ૩૦૦ રજાઓ તથા ગ્રેજ્યુટી ની પૂરેપૂરી રકમ પરિપત્ર આધારિત ચૂકવવાની જોગવાઈ હોવા છતાં નિવૃત્તિ કામદારોને લાંબા સમય સુધી આવા કોઈ લાભો આપવામાં આવેલા ન હતા જે બાબતે જુદા જુદા જિલ્લા અને તાલુકાના સામૂહિક કામદારોએ તેમને મળવા પાત્ર લાભો મેળવવા ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન પ્રમુખ એ એસ ભોઇ નો સંપર્ક કરેલ જે બાબતે ફેડરેશન દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટ મા જિલ્લા અને તાલુકા વાઈસ સ્પેશિયલ સિવિલ એપ્લિકેશન અરજીઓ દાખલ કરેલી જે ચાલી જતા નામદાર ગુજરાત હાઇકોર્ટે તમામ નિવૃત કામદારોને સરકારશ્રીના જાહેર કરેલ પરિપત્ર મુજબ કામદારોની સળંગ નોકરી ગણી તેમને મળવા પાત્ર ૩૦૦ રજાઓ તથા પૂરેપૂરી ગ્રેજ્યુટી ચુકવવાનો આદેશ કરે તે આદેશ સામે સરકાર શ્રી દ્વારા નામદાર સુપ્રીમ કોર્ટ દિલ્હી સમક્ષ એસ એલ પી દાખલ કરે જે એસએલપીમાં તાત્કાલિક અસર થી મનાઈ હુકમ આપવામાં આવેલ ત્યારબાદ મૂળ અરજી ચાલી જતા નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા તમામ કામદારોને ગુજરાત હાઈકોર્ટ દ્વારા થયેલ હુકમ મુજબ ના તમામ લાભો આપવા નો આખરી આદેશ કરેલ છે જે આદેશથી નિવૃત્ત કર્મચારીઓને લાંબા સમય બાદ રોજમદાર તરીકેની સળંગ નોકરી ગણી બાકી નીકળતી ગ્રેજ્યુટી અને ૩૦૦ રજાઓ નો પગાર ચૂકવવા આદેશ કરવામાં આવતા નામદાર અદાલતો નો હુકમ ધ્યાને લઈ ગુજરાત સરકાર દ્વારા તાત્કાલિક અસરથી તારીખ ૭/૧૦/૨૨ ના રોજ પરિપત્ર જાહેર કરી જણાવેલ કે જે નિવૃત કામદારોનીની ૭૦ વર્ષની ઉંમર પૂર્ણ થઈ હોય તેવા નિવૃત્ત કામદારોને તારીખ ૧/૧૦/૨૨ પહેલા લાભો ચૂકવી આપવા તથા ત્યારબાદ ૭૦વર્ષ કરતા ઓછી ઉંમર ધરાવતા નિવૃત્ત કામદારોને તારીખ ૩૧/૧૨/૨૨ સુધીમાં ચુકવણું કરવું તે પરિપત્ર આધારિત તમામ જુદી જુદી કચેરીઓ દ્વારા હુકમ તથા પરિપત્ર નું પાલન કરી હક હીસ્સા નાણા નું ચુકવણું શરૂ કરવામાં આવતા કામદાર આલમમાં અને તેમના પરિવારોમાં આનંદની લાગણી પ્રવૃત્તિ છે

ગુજરાત સ્ટેટ લેબર ફેડરેશન કાલોલ પંચમહાલ પ્રમુખ એ એસ ભોઈ

# ગુજરાતમાં વધુ એકવાર મોંઘવારીનો માર,સીએનજી અને પીએનજીના ફરી ભાવ વધારો

અમદાવાદ,તા.૪

હમણા થોડા સમય પહેલા જ સંસદમાં પેટ્રોલિયમ ઉત્પાદનોની મોંઘવારીનો મામલો ઉઠાવવામાં આવ્યો હતો. જેનો જવાબ આપતાં પેટ્રોલિયમ રાજ્ય મંત્રીએ કહ્યું હતું કે ગેસના ભાવ ઘણા આધારો પર નક્કી કરવામાં આવે છે.

હાલમાં લોકો મોંઘવારીથી ત્રાહિમામ પોકારી રહ્યા છે એવામાં ફરી એકવાર સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો થયો છે. સતત ગેસના ભાવ વધતાં અને પેટ્રોલિયમ પેદાશોની સતત વધતી કિંમતોનો મધ્યમ વર્ગને ખુબ પરેશાની થઈ રહી છે. ત્યારે ગુજરાતના લોકો પર મોંઘવારીનો વધુ એક માર પડ્યો છે. આજે ફરી એકવાર સીએનજી અને પીએનજીના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે.

આજે ગુજરાત ગેસે સીએનજી અને પીએનજીના ભાવમાં ૫ ટકાનો વધારો કર્યો છે. ગુજરાતમાં આ વધેલા ભાવ આજથી અમલમાં આવી જશે.

ગુજરાત ગેસ દ્વારા આજે સીએનજીના ભાવમાં ૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે અને આ વધેલા ભાવ આજથી અમલમાં આવી ગયા છે.

હવે ગુજરાત ગેસના સીએનજી માટે તમારે ૭૮.૫૨ રૂપિયા પ્રતિ કિલો ચૂકવવા પડશે.

આ સાથે ગુજરાત ગેસે પણ પીએનજીના ભાવમાં વધારો કર્યો છે અને તેના વધેલા ભાવ આજથી અમલમાં આવી ગયા છે. ગુજરાત ગેસનો પીએનજી ભાવ ઘટીને રૂ. ૫૦.૪૩ પ્રતિ એસસીએમ થયો છે. તેમાં ૫ ટકાનો વધારો જોવા મળી રહ્યો છે.

બીજી તરફ, ગુજરાત ગેસે ઔદ્યોગિક ગેસના ભાવમાં પ્રતિ એસસીએમ પર રુપિયા ૭નો ઘટાડો કર્યો છે. સીએનજી પીએનજી અને ઈન્ડસ્ટ્રી ગેસના બદલાયેલા ભાવ આજથી લાગુ થઈ ગયા છે.

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.